dailyhunt संजोग न्यूज़

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 25 | AD - 2025, Kartak Sud-07 | Wednesday, Dt.29-10-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## વાવાઝોડાને લઈ પીએમ મોદીએ આંધ્રપ્રદેશના સીએમ ચંદ્રાબાબુ નાયડુ સાથે વાત કરી

# 'મોન્થા' વાવાઝોડુ આંધ્રપ્રદેશના દરિયાકાંઠે ત્રાટક્યુ : ૬ રાજ્યમાં વરસાદ

હૈદરાબાદ,તા.૨૮

બંગાળની ખાડી પર નીચા દબાણવાળા ક્ષેત્રની તીવ્રતા વધતાં, ચક્રવાત મોન્થા આંધ્રપ્રદેશના દરિયાકાંઠે ત્રાટક્યું છે જેથી છ રાજ્યોઃ આંધ્રપ્રદેશ, ઓડિશા, તમિલનાડુ, તેલંગાણા, પશ્ચિમ બંગાળ અને કેરળમાં ભારે વરસાદ શરૂ થયો હતો .હવામાન વિભાગના જણાવ્યા અનુસાર,વાવાઝોડા દરમિયાન પવન મહત્તમ ૧૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાઈ શકે છે. ચક્રવાત મોન્થા દ્વારા ઉભા થયેલા ખતરાને ધ્યાનમાં રાખીને અધિકારીઓને જરૂરી સાવચેતીનાં પગલાં લેવા નિર્દેશ આપ્યો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ચક્રવાતની તૈયારીઓ વિશે પૂછપરછ કરવા માટે મુખ્યમંત્રી નાયડુ સાથે ફોન પર પણ વાત કરી હતી. માહિતી ટેકનોલોજી મંત્રી નારા લોકેશને પ્રધાનમંત્રી કાર્યાલય સાથે સંકલન કરવા સૂચના આપવામાં આવી છે. નાયડુએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીએ ચક્રવાત મોન્થાનો સામનો કરવા માટે રાજ્યને કેન્દ્રીય સહાયની ખાતરી આપી છે.મુખ્યમંત્રી નાયડુએ રીઅલ ટાઈમ ગવર્નન્સ સિસ્ટમ દ્વારા અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક પણ યોજી હતી. હવામાન વિભાગ અનુસાર, આગામી બે દિવસ સુધી કૃષ્ણા જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની સંભાવના છે. તેવી જ રીતે, ગુંટુર, બાપટલા, એનટીઆર, પાલનાડુ અને પશ્ચિમ ગોદાવરી જિલ્લામાં પણ ભારે વરસાદ પડવાની સંભાવના છે. ચક્રવાત મોન્થાને ધ્યાનમાં રાખીને, આંધ્રપ્રદેશ ઉપરાંત અન્ય રાજ્યોમાં સંપૂર્ણ તકેદારી રાખવામાં આવી રહી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાંથી ૫૦,૦૦૦ થી વધુ લોકોને સ્થળાંતર કરવામાં આવ્યા છે. રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ અને SDRF ટીમો પણ કોઈપણ ઘટનાનો સામનો કરવા માટે સ્ટેન્ડબાય પર છે.દરિયાકાંઠાના



રાજ્યોના માછીમારોને આગામી પાંચ દિવસ સુધી દરિયામાં ન જવાની સલાહ આપવામાં આવી છે. હવામાન વિભાગે કહ્યું કે ૧૭ કિમી પ્રતિ કલાકની ઝડપે આગળ વધી રહેલું ચક્રવાતી વાવાઝોડું બપોરે ૨:૩૦ વાગ્યે પશ્ચિમ-મધ્ય અને નજીકના દક્ષિણપશ્ચિમ બંગાળની ખાડી પર કેન્દ્રિત હતું. આ વિસ્તાર તમિલનાડુમાં ચેન્નાઈથી લગભગ ૪૪૦ કિમી પૂર્વમાં, આંધ્રપ્રદેશમાં કાકીનાડાથી ૪૯૦ કિમી દક્ષિણ-દક્ષિણપૂર્વમાં, આંધ્રપ્રદેશમાં વિશાખાપટ્ટનમથી ૫૩૦ કિમી દક્ષિણ-દક્ષિણપૂર્વમાં અને ઓડિશામાં ગોપાલપુરથી ૭૧૦ કિમી દક્ષિણ-દક્ષિણ પશ્ચિમમાં છે. આઈએમડીએ જણાવ્યું હતું કે ચક્રવાત આગામી ૪૮ કલાકમાં પૂર્વ-મધ્ય અરબી સમુદ્રમાં લગભગ ઉત્તર-ઉત્તરપૂર્વ તરફ આગળ વધવાની ધારણા છે. દક્ષિણ રાજ્ય આંધ્રપ્રદેશ અને પૂર્વ ઓડિશાના દરિયાકાંઠાના વિસ્તારોમાં અધિકારીઓએ કટોકટી કર્મચારીઓની રજા રદ કરી છે. ગંભીર હવામાનને કારણે શાળાઓ અને કોલેજો બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. તમિલનાડુ સરકારે લોકોને સતર્ક રહેવાની પણ સલાહ આપી છે. એપ્રિલ અને ડિસેમ્બર વચ્ચે ભારતના પૂર્વ કિનારા પર વાવાઝોડા વારંવાર આવે છે.ચક્રવાત મોન્થાને ધ્યાનમાં રાખીને સાવચેતીના પગલા તરીકે, ઓડિશાએ રાજ્યભરમાં ૧૨૩ અગ્નિશામક એકમો તૈનાત કર્યા છે. આઠ જિલ્લાઓને રેડ ઝોન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જે તેમને ખાસ પ્રાથમિકતા આપે છે. ઓડિશા ડિઝાસ્ટર રેપિડ એક્શન ફોર્સ ટીમો ઝડપી બચાવ અને રાહત કામગીરી હાથ ધરવા માટે બચાવ બોટ, મોટર રાફ્ટ, પાવર સો અને જનરેટરથી સજ્જ છે. રાજ્યના તમામ જિલ્લાઓને એલર્ટ પર રાખવામાં આવ્યા છે અને જો નજીક આવી રહેલ વાવાઝોડુ તેની દિશા બદલે છે તો બચાવ કામગીરી માટે માણસો અને મશીનરી સાથે તૈયાર રહેવા સૂચના આપવામાં આવી છે.તેલંગાણામાં અલગ અલગ સ્થળોએ ભારે વરસાદની આગાહી છે. પેડ્ડપલ્લી, જયશંકર ભૂપાલપલ્લી અને અન્ય જિલ્લાઓમાં અલગ અલગ સ્થળોએ ગાજવીજ, વીજળી અને જોરદાર પવન સાથે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે. આદિલાબાદ, કોમારામ ભીમ અને અન્ય ઘણા જિલ્લાઓમાં પણ આવી જ સ્થિતિ રહેશે.






# જયપુર નજીક શ્રમિકોની બસ વીજલાઈનને અડતા બે લોકો ભડથૂ :૧૨ દાઝ્યા


જયપુર,તા.૨૯

જયપુરના મનોહરપુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના ટોડી ગામમાં મજૂરોને લઈ જતી એક બસને હાઈ-ટેન્શન લાઈનના સંપર્કમાં આવતાં વીજકરંટ લાગ્યો. અકસ્માતમાં બે મજૂરોના ઘટનાસ્થળે જ મોત થયા, જ્યારે લગભગ એક ડઝન અન્ય લોકો બળી ગયા. અહેવાલો અનુસાર, મજૂરોને લઈ જતી બસ ઉત્તર પ્રદેશથી મનોહરપુરના ટોડીમાં ઈંટના ભઠ્ઠામાં આવી રહી હતી. રસ્તામાં, બસ ૧૧,૦૦૦ વોલ્ટની વીજળીની લાઈનના સંપર્કમાં આવી ગઈ, જેના કારણે બસમાંથી કરંટ વહેવા લાગ્યો અને આગ લાગી. આ ઘટનાથી ગભરાટ અને અંધાધૂંધી ફેલાઈ ગઈ.માહિતી મળતાં, મનોહરપુર



પોલીસ અને વહીવટી અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા, અને ઘાયલોને શાહપુરા સબ-જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. ગંભીર રીતે દાઝી ગયેલા પાંચ કામદારોને પ્રાથમિક સારવાર બાદ જયપુર રિફર કરવામાં આવ્યા. ફાયર બ્રિગેડની મદદથી આગ પર કાબુ મેળવવામાં આવ્યો. પોલીસે મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે શબઘરમાં જમા કરાવ્યા છે અને ઘટનાની તપાસ શરૂ કરી છે.

ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. વીડિયોમાં સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે કે બસ સંપૂર્ણપણે આગમાં લપેટાઈ ગઈ હતી અને સંપૂર્ણપણે બળી ગઈ હતી. ઘટના બાદ, સ્થાનિક અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા અને આગ પર કાબુ મેળવ્યો હતો.



# ટાટા ગૃપમાં મેહુલ મિસ્ત્રીની પુનઃ નિયુક્તિને લઈ ટ્રસ્ટીઓમાં ફાટા

મુંબઈ,તા.૨૮

ટાટા ગ્રુપની પરોપકારી સંસ્થા, ટાટા ટ્રસ્ટમાં આંતરિક સંઘર્ષ વધી ગયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ટાટા ટ્રસ્ટના ચેરમેન નોએલ ટાટા અને તેમના નજીકના ગણાતા બે અન્ય ટ્રસ્ટીઓએ સ્વર્ગસ્થ રતન ટાટાના નજીકના સહયોગી અને એક અગ્રણી ઉદ્યોગપતિ મેહુલ મિસ્ત્રીની ટ્રસ્ટી તરીકે પુનઃનિયુક્તિને અવરોધિત કરી છે. પીટીઆઈ અનુસાર, આ અણધાર્યું વિભાજન ટ્રસ્ટમાં સર્વસંમતિ આધારિત નિર્ણય લેવાની તાજેતરની પરંપરાથી સ્પષ્ટ વિરોધ દર્શાવે છે. ગયા વર્ષે રતન ટાટાના મૃત્યુ પછી નોએલ ટાટાને ટ્રસ્ટનું નેતૃત્વ કરવા માટે નિયુક્ત કરવામાં આવ્યા હતા. આ આંતરિક ઝઘડાના પ્રથમ સ્પષ્ટ સંકેત સપ્ટેમ્બર ૨૦૨૫ માં દેખાયા, જ્યારે મિસ્ત્રી અને તેમના ત્રણ સહાયક ટ્રસ્ટીઓએ સર્વાનુમતે વિજય સિંહને ટાટા ટ્રસ્ટના બોર્ડમાંથી દૂર કરવાનો ઠરાવ પસાર કર્યો. જોકે, ટીવીએસ મોટરના ચેરમેન એમેરિટસ વેણુ શ્રીનિવાસનને ત્યારબાદ સર્વાનુમતે આજીવન ટ્રસ્ટી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.







## કમોસમી વરસાદ પડતા સાંસદ ભરત સુતરીયા, ધારાસભ્યો મહેશ કસવાળા, હીરા સોલંકી, જે.વી.કાકડીયા સહિતનાઓની સાથે

# રાજયમંત્રી કૌશિક વેકરીયા અમરેલી જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાતે

અમરેલી,તા.૨૮

રાજ્યના કાયદો અને ન્યાયતંત્ર, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ તથા વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ આજરોજ કમોસમી વરસાદથી અસરગ્રસ્ત સાવરકુંડલા તાલુકાના જાબાળ અને ઘનશ્યામનગર, રાજુલાના રામપરા - ૨ તથા કુંભારીયા અને ખાંભાના રાયડી, ધારીના ન્યુ ધારગણી સહિતના ગામોની મુલાકાત લઈ કમોસમી વરસાદથી ખેતી પાકોને થયેલા નુકસાનીનો તાગ મેળવ્યો હતો. રાજયમંત્રીએ ખેડૂતોના ખેતરોમાં જઈને મગફળી-કપાસ સહિતના પાકોમાં કમોસમી વરસાદથી નુકશાનીનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે ખેડૂતોબંધુઓ સાથે સંવાદ સાધીને પાક નુકશાનીની વિગતો પણ મેળવી હતી. આ પ્રવાસ દરમિયાન રાજ્યમંત્રીએ ભારે વરસાદથી અસરગ્રસ્ત રામપરા - ૨ ગામની મુલાકાત લીધી હતી અને સ્થાનિક આગેવાનો પાસેથી વરસાદથી જનજીવનને અસરની પણ જાણકારી મેળવી હતી. રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ ખાંભા માર્કેટિંગ યાર્ડ ખાતે ખાંભા તાલુકાના જુદા જુદા



ગામોના સરપંચ- અગ્રણીઓ પાસેથી પણ કમસમી વરસાદથી પાક નુકશાનીની લેખિત સ્વરૂપે રજૂઆતો મેળવી હતી. તે સંદર્ભમાં રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે, એક ખેડૂતના દીકરાના નાતે ખેડૂતોની વ્યથા ખૂબ સારી રીતે સમજુ છું, કે ખેતી પાકોને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. તેની રજૂઆત રાજ્ય સરકારમાં પહોંચાડીને જરૂરી સહાય મળી રહે તે માટે તમામ પ્રયત્નો કરવામાં આવશે. રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નિર્દેશો મુજબ રાજ્ય સરકારના મંત્રીઓ ખેડૂતો વચ્ચે જઈને કમોસમી વરસાદથી જે મગફળી, કપાસ સહિતના પાકોને વ્યાપક નુકશાન થયું છે. તેનો તાગ મેળવવામાં આવી રહ્યો છે.તેમણે કહ્યું કે, રાજ્ય સરકાર દ્વારા તાત્કાલિક કમોસમી વરસાદથી ખેતી પાક નુકશાનીના સર્વે માટે આદેશ આપી દેવામાં આવ્યા છે. ખેડૂતોના પાકને જે વ્યાપક નુકશાન થયું છે, ત્યારે રાજ્ય સરકાર ખેડૂતોની પડખે રહી પૂરતી મદદ કરશે.રાજ્યમંત્રીના આ પ્રવાસ દરમિયાન સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, જે.વી. કાકડીયા, મહેશભાઈ કસવાલા, જનકભાઈ તળાવીયા, અતુલભાઈ કાનાણી સહિતના પદાધિકારી અધિકારીઓ સાથે રહ્યા હતા.

## બાબરાનાં કોટડાપીઠા પંથકમાં માવઠાથી ખેડુતોની સીઝન બગડી

બાબરા,તા.૨૮



બાબરા તાલુકાના કોટડાપીઠા પંથકમાં ગત રાત્રે પડેલા પોણો ઈંચ વરસાદથી ખેડુતોને વ્યાપક નુકસાન થયેલ છે. આ માવઠાથી ખેડુતોના ખેતરમાં મગફળીના પાથરા હતા તે અને પશુઓનો ચારો બગડી ગયો છે. આ વરસાદથી ખેડુતોના મોઢે આવેલો કોળીયો છીનવાઈ ગયો છે. કપાસમાંથી પણ પાણી નીતરી રહ્યા છે. મગફળી અને કપાસમાં નુકસાનના કારણે ખેડુતો નિરાશ થયા છે. આ વરસાદથી ખેડુતોની સીઝન બગડી છે.

## યુવકોએ બિભત્સ ફોટા વાયરલ કરવાની ધમકી આપતાં ચકચાર

જાફરાબાદ, તા. ૨૮

જાફરાબાદ તાલુકાના રોહીસા ગામે એક સગીરા સાથે જાતીય સતામણી અને સોશિયલ મીડિયા પર ફોટા વાયરલ કરવાની ધમકી આપવાનો બનાવ સામે આવ્યો હતો, જેને લઈને પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતો

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ કેસમાં ત્રણ આરોપીઓ સામે ફરિયાદ નોંધાઈ હતી. વિપુલ નાનજીભાઈ બાંભણીયાએ સગીરાને ચુંબન કરતા હોય તેવા ફોટા પોતાના મોબાઈલ ફોનમાં પાડી લીધા હતા. ત્યારબાદ તેણે આ ફોટા અન્ય બે આરોપીઓ કલ્પેશ માધાભાઈ બાંભણીયા અને અશરફભાઈ ઉર્ફે નાથો નુરમહમદભાઈ જાડેજાને આપ્યા હતા. આ બંને આરોપીઓ સગીરા પાછળ જઈને તેનો પીછો કરતા હતા, તેણીનો હાથ પકડી બિભત્સ માંગણીઓ કરી પ્રેમ સંબંધ રાખવા માટે દબાણ કરતા હતા. જ્યારે તેણીએ પ્રેમ સંબંધ રાખવાની ના પાડી, ત્યારે આરોપી તેમણે સગીરાના ચુંબન કરતા ફોટાઓ સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપી હતી. આ ધમકી બાદ આરોપીઓએ સગીરાની આબરૂને હાની પહોંચાડવાના ઈરાદાથી, તેના ચુંબન કરતા ફોટાઓ સોશિયલ મીડિયામાં વાયરલ કર્યા હતા. આ રીતે આરોપીઓએ સગીર યુવતીની જાતીય સતામણી કરી અને એકબીજાને મદદગારી કરી ગુનો આચર્યો હતો.પોલીસે આ સમગ્ર મામલે ફરિયાદ નોંધી ત્રણેય આરોપીઓ વિરુદ્ધ કાયદા મુજબની કાર્યવાહી શરૂ કરી છે.

## રાજુલામાં મોટર સાયકલની ટાંકી પરથી મોબાઈલ પડી ગયો

રાજુલા, તા. ૨૮

રાજુલામાં મોટર સાયકલની ટાંકી પર રાખેલો મોબાઈલ પડી જતાં અજાણ્યો શખ્સ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. રાજુલામાં રહેતા અજયભાઈ અરવિંદભાઈ વાઘેલા (ઉ.વ.૨૪) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ ભેરાઈ રોડે આવેલા બાપા સીતારામના પાનના ગલ્લેથી પાન માવો ખાઈ પોતાના ઘરે જતા હતા તે વખતે રાત્રીના આશરે સાડા નવેક વાગ્યાની આસપાસ રાજુલા લુહાર જ્ઞાતિની વાડીએ પહોચતા મોટર સાઈકલની ટાંકીની આગળના ભાગે રાખેલો મોબાઈલ પડી જતાં કોઈ અજાણ્યો માણસ ચોરી કરી લઈ ગયો હતો. આ ફોનની કિંમત પોલીસ ચોપડે ૨૨,૯૯૯ જાહેર થઈ હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી એમ વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

## સાવરકુંડલામાં જલારામ જયંતીનું ભવ્ય આયોજન

સાવરકુંડલા, તા.૨૮

સાવરકુંડલા ખાતે 'જય જલિયાણ કર કલ્યાણ'ના દિવ્ય ભાવ સાથે સંત શિરોમણિ જલારામ બાપાના ૨૨૬મા પ્રાગટ્ય દિન નિમિત્તે ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. લોહાણા મહાજન અને સમસ્ત રઘુવંશી સમાજ દ્વારા વિવિધ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમો યોજાશે.



સાવરકુંડલા રઘુવંશી સમાજની પરંપરા મુજબ, આ પવિત્ર દિવસે લોહાણા મહાજન વાડી ખાતે બપોરે અને સાંજે બંને ટાઈમ સમૂહ જ્ઞાતિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું છે.

જલારામ મંદિર ખાતે યોજાનાર વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં મંગળા આરતી, પૂજન અર્ચન, ધ્વજારોહણ, સાવરકુંડલા શહેરના મુખ્ય માર્ગો પર શોભાયાત્રા, રાજભોગ આરતી, સંત ભોજન, અન્નકૂટ દર્શન, સાયંમ આરતી અને સંતવાણીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ભવ્ય આયોજનમાં સાવરકુંડલા રઘુવંશી સમાજના જ્ઞાતિજનો, વડીલો, યુવાનો, માતાઓ અને બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને જલારામ બાપાના ચરણોમાં વંદન કરશે અને સૌની સુખાકારી માટે પ્રાર્થના કરશે.

## અમરેલી તાલુકના નાનાભંડારીયા સહિતના ગામોમાં ભારે વરસાદથી ખેડૂતોને મોટું નુકસાન

અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લાના નાના ભંડારીયા ગામે છેલ્લા બે દિવસથી સતત ભારે વરસાદને કારણે ખેતીને ભારે નુકસાન થયું છે. ખેડૂતોએ જણાવ્યુ છે કે હાથમાં આવેલ પાક ખાસ કરીને મગફળી અને કપાસ કુદરતી આફતને કારણે નાશ પામી રહ્યા છે. કપાસની વીણી લગભગ પૂર્ણ થવાની હતી,



પરંતુ સતત વરસાદથી છોડ ફરી ઉગવા લાગ્યા છે, જેના કારણે ઉપજ બગડી રહી છે. વિસ્તારના ખેડૂતોએ સરકાર પાસે વહેલી તકે સર્વે કરી યોગ્ય વળતર આપવાની માંગણીકરી છે. ભંડારીયા ગામના સરપંચ, પ્રતિનિધી નરેશ ત્રાપસીયાએ જણાવ્યું કે કુદરતી આફતથી ખેડૂતો આર્થિક રીતે ખોરવાઈ રહ્યા છે અને રાજ્ય તેમજ કેન્દ્ર સરકારે તરત સહાય જાહેર કરવી જરૂરી છે.


















# સાવરકુંડલામાં માવઠાના મારથી ખેડૂતોને અપાર નુકસાનઃ મોટા ઝીંઝુડાના સરપંચે ધારાસભ્યને કરી રજૂઆત

**સરપંચે ખેડૂતોની આર્થિક સ્થિતિ જોખમમાં મુકાઈ હોવાનું જણાવી કૃષિ મંત્રીને પણ પત્રની નકલ રવાના કરી તાત્કાલિક ન્યાયની માગણી કરી**



સાવરકુંડલા,તા.૨૮

સાવરકુંડલા તાલુકામાં છેલ્લા ત્રણ દિવસથી વરસી રહેલા ભારે કમોસમી વરસાદ (માવઠા)ને કારણે ખેતીના પાકને મોટું નુકસાન થયું છે, જેને પગલે મોટા ઝીંઝુડા ગ્રામ પંચાયતના સરપંચ પંકજકુમાર વલ્લભભાઈ ઉનાવા દ્વારા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને તાત્કાલિક સર્વે અને સહાય પેકેજ માટે લેખિત રજૂઆત કરવામાં આવી છે.

સરપંચે ધારાસભ્યને પાઠવેલા પત્રમાં જણાવ્યું છે કે, "છેલ્લા ત્રણ દિવસથી વરસી રહેલા માવઠારૂપી વરસાદને કારણે અમારા ગામના ખેડૂત વર્ગને અપાર નુકસાની પહોંચી છે. ખાસ કરીને કપાસ, તલ, ડુંગળી અને મગફળી જેવા તૈયાર પાકો તથા ઊભા પાકોમાં અનેકગણું નુકસાન થયું છે." તેમણે ઉમેર્યું કે, અમુક પાકો પલળી ગયા છે જ્યારે અમુક તણાઈ જતાં તેની અપેક્ષિત ઉપજ નાશ પામી છે.

સરપંચે પાક નુકસાનના કારણે ખેડૂતોની આર્થિક સ્થિતિ અને તેમના પરિવારોનું જીવનનિર્વાહ જોખમમાં મુકાઈ ગયું હોવાનું જણાવી વહેલામાં વહેલી તકે નુકસાનીનો વિગતવાર સર્વે કરવા અને અસરગ્રસ્ત ખેડૂતોને તાત્કાલિક સહાય પેકેજ પૂરું પાડવા વિનંતી કરી છે. ખેડૂતોને ઝડપથી ન્યાય મળે તે હેતુથી આ રજૂઆતની એક નકલ કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીને પણ રવાના કરવામાં આવી છે.

# અમરેલીમાં ખેડૂતો-મહિલાઓ દ્વારા ઉત્પાદિત વસ્તુઓના વેચાણ માટે સ્વદેશી મોલ બનશે

અમરેલી,તા.૨૮



ધારી કૃષિ ઉત્પાદક સંસ્થા (FP)નાં પ્રમુખ ભાવના ગોંડલીયાના નેતૃત્વમાં અમરેલી જિલ્લાના ખેડૂતો અને મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે એક નવી પહેલ હાથ ધરવામાં આવી છે. આ પહેલ અંતર્ગત ખેડૂતો દ્વારા ઉત્પાદિત અને સખી મંડળ દ્વારા બનેલી સ્વદેશી ખાદ્ય ચીજવસ્તુઓનો "સ્વદેશી મોલ" અમરેલી ખાતે શરૂ કરાશે. આ મોલનો મુખ્ય હેતુ સ્થાનિક સ્તરે ઉત્પાદિત ખાદ્ય વસ્તુઓને પ્રોત્સાહન આપવાનો છે, જેમ કે ઘરેલું મસાલા, દાળ, તેલ, અથાણા, પાપડ, નાસ્તા વસ્તુઓ, હેન્ડમેડ પ્રોડક્ટ્સ વગેરે મહિલાઓ અને ખેડૂતો તૈયાર કરે છે. આ મોલ મારફતે આ તમામ વસ્તુઓને બજારમાં એક સજ્જ, સ્વદેશી અને વિશ્વસનીય પ્લેટફોર્મ મળશે.

આ અંગે પ્રમુખ ભાવના ગોંડલિયાએ જણાવ્યું કે, "આ સ્વદેશી મોલ માત્ર વેપાર માટે નહિ, પરંતુ મહિલાઓની આર્થિક સ્વાવલંબન અને ખેડૂતોની મહેનતને માન આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. અમારું લક્ષ્ય 'સ્થાનિક માટે વોકલ' બનીને આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરવાનો છે."

આ પહેલથી અમરેલી જિલ્લાના ગ્રામ્ય મહિલાઓ અને નાના ખેડૂતોએ પોતાના ઉત્પાદનોને સીધા ગ્રાહકો સુધી પહોંચાડવાની તક મળશે, જેનાથી મધ્યસ્થીઓ પરની નિર્ભરતા ઘટશે અને તેમને યોગ્ય ભાવ મળશે. આ મોલમાં પ્રાકૃતિક, ઓર્ગેનિક પ્રોડક્ટ અને રેગ્યુલર પ્રોડક્ટ વેચાણ માટે મૂકી શકાય છે જેની તમામ વેચાણ વ્યવસ્થા સંસ્થા દ્વારા કરાશે. આ પહેલ અંતર્ગત દરેક ભાગ લેનારાને તાલીમ, માર્કેટિંગ સહાય અને પ્રોડક્ટ ડિસ્પ્લે માટે તક મળશે. વધુ માહિતી માટે સંપર્ક નં. ૯૯૦૪૧ ૪૪૯૧૯.

# શેખપીપરીયા ગામે વીજ થાંભલાના વાયરને અડકતા કરંટ લાગવાથી બે ગાયના મોત

લાઠી, તા.૨૮

લાઠી તાલુકાના શેખપીપરીયા ગામે વીજળીના વાયરના કારણે કરૂણ ઘટના સામે આવી હતી, જેમાં ઈલેક્ટ્રિક શોક લાગવાથી બે ગાયોનું મોત નીપજ્યું હતું. આ ઘટનામાં પશુપાલકને આશરે રૂ. ૭૦,૦૦૦ જેટલું મોટું નુકસાન થયું હતું. આ કરંટ લાગવાથી પશુપાલકની આશરે રૂ. ૭૦,૦૦૦ની કિંમતની બે ગાયોનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. આ ઘટનાના કારણે પશુપાલકને મોટું આર્થિક નુકસાન થયું હતું. આ પ્રકારના ખુલ્લા અથવા જોખમી વીજ વાયરો અંગે યોગ્ય કાર્યવાહી કરવાની માંગણી સ્થાનિક લોકો દ્વારા કરવામાં આવી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ બી સિંઘવ વધુ તપાસ કરધી રહ્યા છે.

# અમરેલીના દરિયાકાંઠાના વિસ્તારોમાં સિંહોની સુરક્ષા માટે વનવિભાગ સતર્ક

અમરેલી,તા.૨૮



અમરેલી જિલ્લાના રાજુલા, જાફરાબાદ, પીપાવાવ જેવા દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદ અને પૂરની પરિસ્થિતિને કારણે વનવિભાગ સિંહોની સુરક્ષા માટે એલર્ટ મોડમાં આવ્યું છે. આ કોસ્ટલ વિસ્તારો સિંહોનું નિવાસસ્થાન હોવાથી તંત્રએ તાત્કાલિક પગલાં લીધા છે. વનવિભાગના CF રામ રતનનાલાની સૂચના મુજબ, ACF વિરલસિંહ ચાવડાના નેતૃત્વમાં વિશેષ ટીમો બનાવવામાં આવી છે. આ ટીમો દ્વારા સિંહોના લોકેશન મેળવીને પેટ્રોલિંગ શરૂ કરવામાં આવ્યું છે, અને તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સ્કેનિંગની કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી છે.

# અમરેલીમાં લાયસન્સ અને NOC વગર ડીઝલ પંપ ચાલતો હોવાની આશંકા

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લામાં 'એ.જે. ઈન્ડસ્ટ્રીઝ' નામના MEE (મલ્ટી-ઈફેક્ટ ઈવેપોરેટર) કંપનીના ડીઝલ પંપ પર વેચાતા પ્રવાહી અને તેની કાયદેસરતા અંગે સવાલો ઉભા થયા હતા. આ મામલે સત્તાવાળાઓ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, અમરેલી ખાતે કાર્યરત 'એ.જે. ઈન્ડસ્ટ્રીઝ' નામના એકમમાં ડીઝલ પંપ કાર્યરત છે, જેના સંચાલક તરીકે ઝલકભાઈ સંજયભાઈ મશરૂ (રહે. જૂનાગઢ)નું નામ સામે આવ્યું છે. તપાસનો મુખ્ય હેતુ આ ડીઝલ પંપ પર વેચાણ થતું પ્રવાહી ખરેખર પેટ્રોલિયમ પદાર્થ છે કે કેમ, અને તેનું વેચાણ કાયદેસર છે કે નહીં તે જાણવાનો છે. આ ઉપરાંત સંચાલક ઝલકભાઈ સંજયભાઈ મશરૂ દ્વારા આ પંપ કોઈ પણ લાયસન્સ, એન.ઓ.સી. (ના-વાંધા પ્રમાણપત્ર), પરમિશન કે મંજૂરી વગર કાર્યરત કરવામાં આવ્યો છે કે કેમ. જો મંજૂરી ન હોય, તો તે અંગે કયો ગુનો બને છે. ઉપરાત પુરવઠા વિભાગ, મહેસૂલ વિભાગ તથા અન્ય તમામ સંબંધિત કચેરીઓ દ્વારા આ પંપને કાર્યરત કરવા માટે જરૂરી મંજૂરીઓ આપવામાં આવેલી છે કે કેમ જેવી તપાસ હાથ ધરવામાં આવી હતી.

## અવસાન નોંધ

**મોટી કુંકાવાવ**

સ્વ.ભાવનાબેન પ્રવિણભાઈ ખંભોળિયા( ઉ.વ.૫૯ )નું તા.૨૬/૧૦/૨૦૨૫નાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે પ્રવિણભાઈ મણીલાલ ખંભોળિયાની દાર્મપત્ની તથા ગીરીશભાઈ મણીલાલ ખંભોળિયાનાં ભાભી તથા ધૈર્ય ( ધવલ )ના માતૃશ્રી થાય છે. તેમનું બેસણુ તા.૩૦/૧૦/૨૦૨૫ને ગુરૂવાર બપોરે ૪થી ૬ મોટી કુંકાવાવ તેમના નિવાસસ્થાને બ્રાહ્મણ શેરી, ચોરા પાસે રાખવામાં આવેલ છે.


હાથમાં છે લાકડી ને માથે છે પાઘડી
ભૂખ્યા દુખ્યાને ભાખરી એવા બાપા જય જલારામ
સંત શિરોમણી
શ્રી જલારામબાપાની
૨૨૬ મી જન્મ જયંતિ
નિમિત્તે બાપાના ચરણોમાં
કોટિ કોટિ વંદન
શુભેચ્છક
આનંદ ક્લોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી.



હાથમાં છે લાકડી ને માથે છે પાઘડી
ભૂખ્યા દુખ્યાને ભાખરી એવા બાપા જય જલારામ
સંત શિરોમણી
શ્રી જલારામબાપાની
૨૨૬ મી જન્મ જયંતિ
નિમિત્તે બાપાના ચરણોમાં
કોટિ કોટિ વંદન
જય જય જલારામ
શુભેચ્છક...
લાડલી ફેશન
ઈન્દીરા શોપીંગ સેન્ટર, અમરેલી. મો. ૮૮૭૨૪ ૮૮૮૮૮



દેને કો ટુકડા ભલા, લેને કો હરિ નામ
સંત શિરોમણી
શ્રી જલારામબાપાની
૨૨૬ મી જન્મ જયંતિ
નિમિત્તે સર્વે ભાવિક ભક્તોને
જય જલારામ...
...શુભેચ્છક...
શ્રી જીતુભાઈ ગોળવાળા



દેને કો ટુકડા ભલા, લેને કો હરિ નામ
સંત શિરોમણી
શ્રી જલારામબાપાની
૨૨૬ મી જન્મ જયંતિ
નિમિત્તે સર્વે ભાવિક ભક્તોને
જય જલારામ...
...શુભેચ્છક...
શ્રી જીતુભાઈ ગોળવાળા



સંકુલ KG થી PG
સ્કૂલ કોલેજ હોસ્ટેલ
દિવાળી વેકેશન
નવા પ્રવેશ ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળઃ- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી
ફોન ✓ (૦૨૭૯૨) ૨૩૨૩૨૧ થી ૨૬ -Ad138



GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.



શું તમને સાંભળવાની તકલીફ છે ?
આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ, જેથી તેઓ ફરીથી સાંભળી શકે આપણી વાત
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363



નિમંત્રણ
સમસ્ત નવા ચરખા ગામ દ્વારા આયોજીત
ત્રિદિવસીય
મૂર્તિ પ્રતિષ્ઠા ધર્મ મહોત્સવ
હવન, ભોજન અને ભજનનો ત્રિવેણી સંગમ
:: પ્રતિષ્ઠા પ્રારંભ :: સં.૨૦૮૨ કારતક સુદ-૯ ને શુક્રવાર તા. ૩૧/૧૦/૨૦૨૫
:: પ્રતિષ્ઠા પૂર્ણાહુતિ :: સં.૨૦૮૨ કારતક સુદ-૧૧ ને રવિવાર તા. ૦૨/૧૧/૨૦૨૫
સમસ્ત ધર્મપ્રેમી જનતાને આ મહામૂલો લાભ લેવા પધારવા ભાવભર્યું નિમંત્રણ.
કાર્યક્રમની રૂપરેખા
:: પ્રથમ દિવસ :: સં.૨૦૮૨ કારતક સુદ-૯ ને શુક્રવાર તા. ૩૧/૧૦/૨૦૨૫ ગણેશ પૂજન-અગ્નિ પૂજન-સ્થાપિત દેવતા પૂજન-ગ્રહ હોમ કુટીર હોમ-જલયાત્રા-સાયં પૂજન-જલાધિવાસ
:: દ્વિતીય દિવસ :: સં.૨૦૮૨ કારતક સુદ-૧૦ ને શનિવાર તા. ૦૧/૧૧/૨૦૨૫ પ્રાતઃ પૂજન-અગ્નિ પૂજન-હોમાત્મક લઘુરૂદ્ર-સ્નપન વિધિ તત્વ ન્યાસ-ધાન્યાધિવાસ-શય્યાધિવાસ
:: તૃતિય દિવસ :: સં.૨૦૮૨ કારતક સુદ-૧૧ ને રવિવાર તા. ૦૨/૧૧/૨૦૨૫ પ્રાતઃપૂજન-શાંતિક પૌષ્ટિક હોમ-મૂર્તિ પ્રતિષ્ઠા ઉતર પૂજન - પૂર્ણાહુતિ
:: તુલસી વિવાહ :: સં.૨૦૮૨ કારતક સુદ-૧૧ ને રવિવાર તા. ૦૨/૧૧/૨૦૨૫ સાંજે ૫ કલાકે રામજી મંદિરથી ઠાકોરજીની જાન પ્રસ્થાન કરશે, બાપા સિતારામના મંદિરે જશે.
:: મહા પ્રસાદ :: પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન ૪ દિવસ સવારે, બપોરે તેમજ સાંજે ગ્રામજનો, ભકતજનો, મહેમાનો માટે મહાપ્રસાદની ગામ ધુમાડા બંધ વ્યવસ્થા રાખેલી છે, તો દરેક ભાવિક ભકતજનો,પરિવારજનોને મહાપ્રસાદનો લાભ લેવા આગ્રહ સાથે વિનંતિ છે.
રોજ રાત્રે દાતાશ્રીઓ તથા અતિથીશ્રીનું સન્માનવિધી કાર્યક્રમ તથા સાંજે ૬-૦૦ કલાકે ભાતીગળ લોકગીત કાર્યક્રમ
તા. ૩૦/૧૦/૨૦૨૫ (સાંજે ૯-૦૦ કલાકે) દુહા-છંદ - વિજય મહેતા શ્યામ ગૃપ મ્યુઝીકના સથવારે સાઉન્ડ : રાધે સાઉન્ડ-સુરત ફોટોગ્રાફી : એસ.પી.કલીપ-સુરત
તા. ૩૧/૧૦/૨૦૨૫ (સાંજે ૯-૦૦ કલાકે) મહારાસ (દાંડિયા રાસ) બીનાબેન શુકલ વિજયભાઈ મહેતા શ્યામ ગૃપ મ્યુઝીકના સથવારે રાસગરબા માટે ભાઈઓ કુર્તા તેમજ બહેનોએ ચણીયોળી પહેરવી.
તા. ૦૧/૧૧/૨૦૨૫ (સાંજે ૯-૦૦ કલાકે) ભવ્ય લોકડાયરો વિમલ મહેતા (લોક ગાયક) ઘનશ્યામભાઈ લાખાણી (લોક સાહિત્ય) વિજયભાઈ મહેતા (લોક સાહિત્ય) શ્યામ ગૃપ મ્યુઝીકના સથવાર
તા. ૦૨/૧૧/૨૦૨૫ (સાંજે ૯-૦૦ કલાકે) બહુચર ભવાઈ મંડળ મહેન્દ્રભાઈ વ્યાસ પ્રફુલભાઈ વ્યાસ
નિમંત્રક : નવા ચરખા ગામ સમસ્ત

તંત્રી લેખ

# કુદરતી આપત્તિ સામે સજાગતા જરૂરી

કુદરતી આપત્તિઓ માનવ જીવન માટે સતત પડકાર રૂપ છે. ચક્રવાત કે વાવાઝોડું માત્ર વાતાવરણમાં પરિવર્તન નથી લાવતું, પરંતુ જીવનચક્રને હચમચાવી રાખે છે. આજના યુગમાં ટેકનોલોજી અને હવામાન નિરીક્ષણથી આપણે આપત્તિની આગાહીઓ કરી શકીએ છીએ, છતાં નિવારણ તબક્કે માનવની સજાગતા અને આયોજન સૌથી વધુ મહત્વ ધરાવે છે. આપત્તિ સામે લડવાની તાકાત આયોજન, સહકાર અને સમયસરની કાર્યવાહીથી જ આવે છે. દરેક નાગરિકે પોતાની જવાબદારી સમજી સુરક્ષા નિયમોનું પાલન કરી જાનવર ના રક્ષણ માટે જાગૃત થવું જરૂરી છે. કુદરત સાથે સંવાદિતામાં રહીએ તો તેની વિનાશક શક્તિઓ સામે સુરક્ષિત રહી શકીએ.

ખુલ્લા ચક્રવાત એ ખૂબ જ શક્તિશાળી હવામાન પ્રકૃતિ છે, જે સામાન્ય રીતે સમુદ્રમાં ઉષ્ણકટિબંધીય પ્રદેશોમાં ઊની હવામાં રહેલા ભેજથી સર્જાય છે. સખત ગરમીને કારણે પાણી વરાળ બની વાદળ બને છે, જેથી સ્થાનિક દબાણ ઘટે છે. આ ઓછા દબાણવાળા વિસ્તારમાં આજુબાજુની હવા પુર ઝડપે ભેગી થાય છે અને વલયાકાર ગતિથી ચક્રવાત રચાય છે. ચક્રવાતમાંથી વાવાઝોડા, ભારે વરસાદ, ભીષણ પવન અને સતત ફૂંકાતાં પવનનું સર્જન થાય છે, જે દરિયા કાંઠા વિસ્તારોનું બહુ મોટું નુકસાન કરી શકે છે. ચક્રવાત મોન્થાનો ખતરનાક ઘેરાવો ભયાનક છે.બંગાળના ઉપસાગરમાં સર્જાયેલું ચક્રવાત મોન્થા હવે પૂર્વ ભારતના સાગરકાંઠા પર ધસી આવવાની તૈયારીમાં છે. જે દર ક્ષણે કોઈ વાર ઝડપથી તો કોઈ વાર ધીમી ગતિએ આગળ વધે છે તો કોઈ વાર તે સ્થિર થઈ જાય છે આ બાબતમાં હવામાન ખાતું પણ પૂર્વ અનુમાન મુજબ આગાહી કરે છે.

હવામાન વિભાગે આંધ્ર પ્રદેશ, ઓડિશા, તામિલનાડુ અને પશ્ચિમ બંગાળ માટે રેડ એલર્ટ જાહેર કરી દીધું છે. ચક્રવાત હાલ પ્રતિ કલાક ૧૮ કિલોમીટરની ઝડપે આગળ વધી રહ્યું છે અને ૨૮ ઓક્ટોબરની સાંજ કે રાત્રે આંધ્રના કાકીનાડા કાંઠે ટકરાશે એવી સંભાવના વ્યક્ત કરી હતી. કાંઠા વિસ્તારમાં પવનની ગતિ પહેલેથી જ તેજ થઈ ગઈ હતી અને વરસાદ સતત પડી રહ્યો છે.


કેરળમાં પણ વાવાઝોડાના પ્રભાવથી ભારે વરસાદ પડતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયાં છે. અલપ્પુઝા ખાતે માછીમારની બોટ પલટી મારતાં એક મૃત્યુ અને એર્નાકુલમમાં વીજળી ત્રાટકતાં એક વ્યક્તિનું મૃત્યુ થયાં છે. આંધ્રમાં માછીમારોએ દરિયો ખેડવો બંધ કરી દીધો છે અને તટબંધી વિસ્તારોમાં બચાવ ટુકડીઓ તૈનાત છે. સમુદ્રી તટીય વિસ્તારોમાં પવનનું દબાણ વધી ગયું છે. દરિયાના મોજાં ચારથી પાંચ મીટર સુધી ઊંચા ઉછળી રહ્યા છે. ઘણા વિસ્તારોમાં હાઉસબોટ અને માછીમારી બોટોને સુરક્ષિત સ્થાને ખસેડવામાં આવી રહી છે. સરકારી અધિકારીઓએ તાત્કાલિક સમય માટે બધા માછીમાર પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે. સ્થાનિક વસ્તીને દરિયા કિનારેથી દૂર રહેવા અને ઊંચા સ્થાનો પર ખસી જવા સૂચના આપવામાં આવી છે. વીજ પુરવઠા માટે વધારાની ટીમો તૈનાત કરવામાં આવી છે જેથી તોફાન દરમિયાન વિદ્યુત વિક્ષેપ ન થાય. સ્થાનિક શાળાઓ તાત્કાલિક રાહત કેન્દ્રોમાં ફેરવાઈ ગઈ છે અને ખોરાક, દવા અને પ્રકાશની વ્યવસ્થા કરાઈ છે.

ઓડિશાની સરકારે મલકાનગિરી, કોરાપુટ, નબરંગપુર, રાયગઢ, ગજપતિ, ગંજમ, કાલાહંડી અને કંધમાલ જિલ્લાઓમાં કુલ ૧૨૮ બચાવ દળોને સક્રિય ગતિમાં મૂકી દીધાં છે. સરકારી ખાતા સહિતના વિસ્તારોમાં રાહત સેન્ટરોમાં આશ્રય લેનારા લોકો માટે પશુઓની સંભાળ, દવાઓ અને પીવાના પાણીની પુરતી વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરાઈ છે. ચક્રવાત પછીની તૈયારીઓ પણ પૂર્ણ થઈ ચૂકી છે. ચક્રવાત મોન્થા જેવી કુદરતી આપત્તિઓ આપણને સતત એ યાદ અપાવે છે કે કુદરત સામે માનવ યોજનાઓ હંમેશા મર્યાદિત રહે છે. પરંતુ યોગ્ય આગાહી, સમયસરની ચેતવણી, અને લોકસહકાર આપત્તિની અસરને ઘણી ઘટાડે છે. પૂર્વ ભારતના લોકોને આ મુશ્કેલ ઘડીએ સજાગ રહેવાની જરૂર છે. સરકાર પૂરતું આયોજન કરી રહી છે, પરંતુ સફળતા ત્યારે જ મળશે જ્યારે દરેક નાગરિક જવાબદારીપૂર્વક પોતાની અને પરસ્પરની સુરક્ષા સુનિશ્ચિત કરશે. કુદરત સાથે શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ જ આપત્તિઓ સામેનો સચોટ અને ટકાઉ ઉપાય છે.

### ડેમના બે દરવાજા ૯ ઈંચ ખોલવામાં આવ્યા

# અમરેલી જિલ્લાનો સૌથી મોટો ખોડીયાર ડેમ છલકાયો

ધારી,તા.૨૮



અમરેલી જિલ્લાનો સૌથી મોટો ડેમ, ધારી ખોડિયાર ડેમ, મધ્યરાત્રિના વરસાદને કારણે છલકાયો છે. ધારી ગીર પંથકમાં વરસાદમાં પાણીની આવક થતાં ડેમની સપાટી વધી હતી. પરિણામે, તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે ડેમના બે દરવાજા ૯ ઈંચ ખોલવાની ફરજ પડી હતી. હાલમાં ડેમમાં ૧૨૦૦ ક્યુસેક પાણીની આવક સામે એટલા જ પાણીનો નિકાલ શરૂ કરાયો છે. હવામાન વિભાગની આગાહી મુજબ, જિલ્લામાં ચોમાસા જેવો માહોલ સર્જાતા ડેમ છલકાયો છે. નીચાણવાળા વિસ્તારના લોકોને સચેત રહેવા સૂચના અપાઈ છે. ખોડીયાર ડેમ છલકાતા હાલરીયા સહિત અમરેલી તાલુકામાંથી પસાર થતી શેત્રુંજી નદીમાં પાણીનો પ્રવાહ વધ્યો છે.

**નદીના પટમાં અવર-જવર નહી કરવા તંત્રની સૂચના**

### લાયસન્સ ન હોવાછતાં બાઈક ચલાવતા હોવાથી પોલીસ ફરિયાદ

# કેરાળા કમીગઢ રોડ ઉપર અકસ્માતમાં ઘાયલ થયેલી મહિલાનું સારવારમાં મોત

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લામાં સગીર પાસે લાયસન્સ ન હોવા છતાં બાઈક ચલાવતા હોવાથી વારંવાર અકસ્માતની ઘટના બને છે જેમાં કેરાળા કમીગઢ રોડ ઉપર દસ દિવસ પહેલા સર્જાયેલા અકસ્માતમાં ઘાયલ થયેલી મહિલાનું સારવારમાં મોત થયું હતું. જેના પગલે શોકનો માહોલ છવાઈ ગયો હતો. મનોજભાઈ મગનભાઈ પરમાર (ઉ.વ.૫૦) એ નટુભાઈ નાનજીભાઈ સોલંકી તથા સગીર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, સગીર પાસે લાયસન્સ ન હોવા છતાં વાહન ચલાવી તેની પત્નીને બેસાડી કમીગઢ ગામ તરફત જતો હતો. કેરાળા કમીગઢ રોડ પર અકસ્માતમાં તેની પત્નીને ઈજા થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. અને સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. પરિણીતાના મોતથી પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો.

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ ડી જોષી વધુ તપાસ કરી રહ્યા છે.

**પરિણીતાના મોતથી પરીવારમાં શોકનો માહોલ છવાયો**

# સા.કુંડલામાં મારી ભાણેજ ક્યાં છે? કહી ગાળો બોલી ગુપ્તી બતાવી ધમકી આપી

**આરોપીએ મોઢાના ભાગે બે લાફા મારી ઝપાઝપી કરી**

સાવરકુંડલા, તા.૨૮

સાવરકુંડલામાં મારી ભાણેજ ક્યાં છે તેમ કહી ગાળો બોલી ગુપ્તી બતાવીને ધમકી આપી હતી. બનાવ સંદર્ભે ધીરૂભાઈ વલ્લભાઈ કુડેચા (ઉ.વ.૪૫)એ શૈલેષભાઈ ભીખાભાઈ મુંજપરા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેના ભત્રીજાએ આરોપીની ભાણેજ સાથે કોર્ટ મેરેજ કરી લીધા હતા. જે બાબતનુ મનદુઃખ રાખીને ફરી ઘર પાસે બજારમાં મળેલ ત્યારે ફરી કહ્યુ કે મારી ભાણેજ ક્યાં છે? તેમ કહી ગાળો આપવા લાગેલ અને ગાળો આપવાની ના પાડતા હતા ત્યારે સાહેદો આવી જતા તેને પણ જેમ ફાવે તેમ ગાળો આપવા લાગેલ અને તેમના હાથમાં રહેલ ગુપ્તી બતાવી કહેલ કે, તમારા ટાંટીયા ભાંગી નાખવા છે. ઉપરાંત મોઢાના ભાગે બે-ત્રણ લાફા મારી તેમની તથા સાહેદો સાથે જપા-જપી કરી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કે ડી રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલામાંથી બદકામ કરવાના ઈરાદે સગીરાનું અપહરણ કરાયું

**સગીરાના પિતાએ યુવક સામે પોલીસ ફરિયાદ નોંધાવી**

સાવરકુંડલા, તા.૨૮

સાવરકુંડલામાંથી સગીરાનું બદકામના ઈરાદે અપહરણ કરવામાં આવ્યું હતું. બનાવ અંગે સગીરાના પિતાએ ભાવનગરના મહુવા તાલુકાના ગોરસ ગામના અને હાલ સાવરકુંડલામાં રહેતા અજીતભાઈ સામતભાઈ પરમાર સામે તેમની સગીર પુત્રીના ભોળપણનો લાભ લઈ, લલચાવી ફોસલાવી, બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી ભગાડીને લઈ ગયાની ફરિયાદ નોંધાવી હતી.

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પીઆઈ સી એસ કુગસીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં વેપારીની દીકરી ઘરેથી ચાલી નીકળી

અમરેલી,તા.૨૮

અમરેલીમાં રહેતા એક વેપારીની દીકરી ઘરેથી ચાલી નીકલી હતી. ઘણી શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં પોલીસને જાણ કરી હતી. બીમલભાઈ અરવિંદભાઈ રાજા (ઉ.વ.૫૧)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી માહી ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક જતી રહી હતી.

### ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી, ધારાસભ્ય જનક તળાવીયા, અશ્વિન સાવલીયા સહિતનાઓની હાજરીમાં

# નાના રાજકોટમાં ભાજપ અગ્રણીઓનું સ્નેહમિલન યોજાયુ

**લાઠી તાલુકા ભાજપ પ્રમુખ પરેશ કનાળાના ફાર્મ હાઉસ પર કાર્યક્રમ યોજાયો**

અમરેલી,તા.૨૮



લાઠી તાલુકાના નાના રાજકોટમાં લાઠી તાલુકા ભાજપ પ્રમુખ પરેશભાઈ કનાળાના ફાર્મ હાઉસ ખાતે નૂતન વર્ષનો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો હતો.

આ તકે સહકારી અગ્રણી દિલીપભાઈ સંઘાણી, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, જિલ્લા પંચાયતના પૂર્વ ચેરમેન જીતુભાઈ ડેર, રામ ભાઈ સોનપરા સહિતના રાજકીય તથા સામાજિક આગેવાન ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત લાઠી તાલુકાના વિવિધ ગામના સરપંચો, ભાજપ અગ્રણીઓ, લાઠી, બાબરા અને દામનગર ભાજપના અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. પરેશભાઈ કનાળાએ સહુને નવા વર્ષની શુભકામના પાઠવી હતી. દિલીપ સંઘાણીએ લાઠી તાલુકા ભાજપ કાર્યકરોને સંવત ૨૦૮૨નું વર્ષ નિરોગી રહે તેવી શુભકામના પાઠવી હતી. સ્નેહમિલન કાર્યક્રમમાં હાજર રહેલા કાર્યકરોએ પણ એકબીજાને નવા વર્ષની શુભકામના પાઠવી હતી.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૦૦ | ૧૫૪૫ |
| ઘઉં લોકવન | ૫૦૫ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૫૭૭ |
| જુવાર સફેદ | ૫૫૦ | ૮૮૧ |
| જુવાર લાલ | ૪૮૦ | ૭૦૦ |
| જુવાર પીળી | ૩૦૦ | ૪૫૦ |
| બાજરી | ૩૧૪ | ૪૦૦ |
| તુવેર | ૯૧૦ | ૧૩૮૭ |
| ચણા પીળા | ૮૯૦ | ૧૧૨૫ |
| ચણા સફેદ | ૧૨૫૦ | ૧૯૧૨ |
| અડદ | ૯૭૦ | ૧૪૪૭ |
| મગ | ૯૬૦ | ૧૬૯૦ |
| ચોળી | ૮૫૦ | ૧૦૬૦ |
| વટાણા | ૯૫૦ | ૧૮૫૦ |
| રાજમા | ૯૫૦ | ૧૪૦૦ |
| સીંગદાણા | ૧૩૦૦ | ૧૪૦૦ |
| મગફળી જાડી | ૮૪૧ | ૧૧૫૧ |
| મગફળી જીણી | ૯૨૧ | ૧૧૫૫ |
| તલી | ૧૬૫૦ | ૧૯૪૩ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૯૯ |
| અજમો | ૧૮૫૦ | ૧૮૫૦ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૨૫ |
| કાળા તલ | ૨૮૦૦ | ૪૧૮૦ |
| લસણ | ૪૫૦ | ૭૫૦ |
| ધાણા | ૧૨૪૦ | ૧૪૩૦ |
| મરચા સુકા | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ધાણી | ૧૨૫૦ | ૧૪૪૫ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૭૫૦ |
| રાય | ૧૪૦૦ | ૧૬૫૦ |
| મેથી | ૮૨૫ | ૧૨૯૫ |
| ઇસબગુલ | ૧૨૮૦ | ૧૨૮૦ |
| રાયડો | ૧૦૫૦ | ૧૨૩૪ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| લીંબુ | ૩૧૬ | ૬૯૮ |
| પપૈયા | ૮૨ | ૧૨૩ |
| બટેટા | ૨૫૧ | ૪૯૧ |
| ડુંગળી સુકી | ૬૦ | ૨૭૧ |
| ટમેટા | ૨૪૨ | ૩૬૩ |
| સુરણ | ૮૧૦ | ૧૦૩૨ |
| કોથમરી | ૭૯૮ | ૧૨૧૪ |
| મુળા | ૨૫૩ | ૩૫૪ |
| રીંગણા | ૨૬૮ | ૬૫૭ |
| કોબીજ | ૧૦૪ | ૨૦૯ |
| ફ્લાવર | ૩૫૩ | ૫૮૨ |
| ભીંડો | ૨૦૭ | ૩૧૨ |
| ગુવાર | ૬૯૬ | ૧૦૧૫ |
| ચોળાસીંગ | ૨૦૮ | ૪૧૩ |
| વાલોળ | ૫૪૪ | ૭૫૬ |
| ટીંડોળા | ૨૧૧ | ૭૧૯ |
| દુધી | ૧૦૮ | ૧૮૭ |
| કારેલા | ૩૧૦ | ૪૧૬ |
| સરગવો | ૬૧૩ | ૧૬૦૪ |
| તુરીયા | ૫૦૮ | ૭૧૩ |
| પરવર | ૪૧૭ | ૬૦૯ |
| કાકડી | ૧૬૦ | ૪૫૨ |
| ગાજર | ૬૧૧ | ૮૧૫ |
| વટાણા | ૩૦૧૫ | ૪૦૨૫ |
| ગલકા | ૨૪૨ | ૫૦૯ |
| બીટ | ૩૧૨ | ૫૨૧ |
| મેથી | ૨૧૧ | ૩૦૯ |
| વાલ | ૧૦૦૪ | ૧૪૧૯ |
| ડુંગળી લીલી | ૨૧૦ | ૪૧૧ |
| આદુ | ૧૨૦૮ | ૧૬૧૩ |
| મરચા લીલા | ૨૧૩ | ૮૧૯ |
| હળદર લીલી | ૬૯૮ | ૧૦૧૨ |
| લસણ લીલું | ૨૦૧૫ | ૨૬૧૮ |
| મકાઇ લીલી | ૧૮૩ | ૩૦૭ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૯૧ | ૧૫૬૧ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૫૩૪ |
| ઘઉં ટુકડા | ૪૯૧ | ૬૧૦ |
| મગફળી જીણી | ૮૦૧ | ૧૧૨૬ |
| સિંગ ફાડીયા | ૭૫૦ | ૧૩૩૧ |
| એરંડા / એરંડી | ૭૫૧ | ૧૨૮૬ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૮૩૧ |
| ધાણા | ૮૦૧ | ૧૫૫૧ |
| લસણ સુકું | ૪૦૧ | ૭૪૧ |
| ડુંગળી લાલ | ૫૧ | ૨૯૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૬૧ |
| તુવેર | ૧૦૫૧ | ૧૪૧૧ |
| રાયડો | ૧૦૦૧ | ૧૧૦૧ |
| મેથી | ૬૨૧ | ૯૭૧ |
| કાંગ | ૫૦૧ | ૫૦૧ |
| મગફળી જાડી | ૫૫૦ | ૧૧૨૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૯૪૧ |
| મગફળી ૬૬ | ૮૫૧ | ૧૩૭૧ |
| તલ - તલી | ૧૦૫૧ | ૧૯૯૧ |
| ધાણી | ૯૦૧ | ૧૬૩૧ |
| બાજરો | ૩૦૧ | ૩૮૧ |
| જુવાર | ૪૦૧ | ૭૫૧ |
| મકાઇ | ૪૧૧ | ૪૧૧ |
| મગ | ૧૦૦૧ | ૧૭૦૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૨૬ |
| વાલ | ૫૦૧ | ૧૦૫૧ |
| ચોળા / ચોળી | ૫૦૦ | ૫૦૧ |
| સોયાબીન | ૭૦૦ | ૯૦૧ |
| ગોગળી | ૬૦૦ | ૮૬૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૧૦૦ | ૪૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૮૦૦ |
| ગુવાર | ૩૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૧૦૦ | ૨૪૦ |
| દુધી | ૬૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૧૬૦ | ૪૪૦ |
| કાકડી | ૧૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૧૦૦ | ૬૦૦ |
| ગાજર | ૫૦૦ | ૧૦૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૪૦૦ | ૧૪૦૦ |
| વાલ | ૩૦૦ | ૧૨૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૬૦૦ |
| કેરી કાચી | ૧૦૦૦ | ૧૭૦૦ |
| બટેટા | ૩૬૦ | ૪૩૦ |
| અંબાળા | ૪૦૦ | ૮૦૦ |
| લીલી હળદર | ૮૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૭ |
| તાંજરીયા પુરા | ૨ | ૮ |
| કોથમીર પુરા | ૨ | ૬ |
| મૂળા પુરા | ૫ | ૬ |
| ફોદીનો પુરા | ૨ | ૫ |
| કાચા કેળા | ૨૦૦ | ૩૦૦ |
| પચકારુ | ૪૦૦ | ૫૦૦ |
| ચ્રૂણ | ૮૦૦ | ૧૨૦૦ |
| અલાવિપન | ૪ | ૧૦ |
| પરવર | ૮૦૦ | ૯૦૦ |
| ઘીસોડા | ૧૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૨ | ૭ |
| બીટ પુરા | ૮ | ૨૦ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૧૦૦ | ૮૦૦ |
| કારેલા | ૧૦૦ | ૫૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૭૦૦ | ૧૬૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૪ | ૮ |
| પાલક પુરા | ૨ | ૫ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૭૧૨ | ૧૦૪૦ |
| શિંગ ૬૬ | ૧૦૦૪ | ૧૦૦૪ |
| શિંગ મોટી | ૮૦૧ | ૧૧૬૪ |
| શિંગ દાણા | ૭૦૦ | ૯૪૦ |
| તલ સફેદ | ૧૦૩૫ | ૨૧૭૫ |
| તલ કાળા | ૨૫૦૦ | ૪૩૧૫ |
| તલ કાશ્મીરી | ૧૫૮૦ | ૨૦૨૫ |
| બાજરો | ૩૨૫ | ૩૩૩ |
| ઘઉં ટુકડા | ૪૬૬ | ૫૪૬ |
| ઘઉં લોકવન | ૪૫૮ | ૫૭૬ |
| અડદ | ૮૦૦ | ૧૨૩૫ |
| ચણા | ૮૮૦ | ૧૦૭૯ |
| ચણા દેશી | ૧૦૬૨ | ૧૦૬૨ |
| સફેદ ચણા | ૯૯૬ | ૧૦૪૭ |
| કપાસ | ૯૫૦ | ૧૫૮૫ |
| એરંડા | ૧૨૪૮ | ૧૨૫૬ |
| જીરૂ | ૨૭૬૦ | ૨૮૭૫ |
| અજમા | ૭૨૦ | ૭૨૦ |
| સોયાબીન | ૭૦૦ | ૫૬૪ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૩૦૦ | ૪૨૦ |
| રીંગણા | ૨૨૦ | ૪૪૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૭૦૦ |
| કોબીઝ | ૨૦૦ | ૩૦૦ |
| શકકરીયા | ૬૦૦ | ૮૦૦ |
| ટમેટાં | ૩૧૦ | ૩૬૦ |
| સુરણ | ૭૨૦ | ૮૪૦ |
| ગાજર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| દુધી | ૨૦૦ | ૩૨૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૨૦૦ | ૪૦૦ |
| મુળા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૨૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૬૦૦ |
| ચોળાલીલાં | ૨૦૦ | ૫૪૦ |
| તુરીયા | ૨૦૦ | ૫૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| આમળા | ૬૨૦ | ૯૨૦ |
| ભીડો | ૧૦૦ | ૩૦૦ |
| હળદર લીલી | ૭૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૬૨૦ | ૧૨૦૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફોદીનો | ૭૮૦ | ૯૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૬૫૦ |
| બીટ | ૬૫૦ | ૧૦૦૦ |
| તુવેર | ૮૨૦ | ૧૦૦૦ |
| સરગવો | ૧૪૫૦ | ૧૭૦૦ |
| લીમડો મીઠો | ૧૯૦ | ૨૮૦ |
| મરચાં લીલા | ૬૨૦ | ૧૪૦૦ |
| મરચાં લાલ | ૬૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૩૨૦ | ૪૨૦ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૨૪૦ |
| લસણ લીલુ | ૨૬૦૦ | ૩૨૦૦ |
| લસણ સુકુ | ૪૦૦ | ૧૨૪૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| લીંબુ | ૫૦૦ | ૮૪૦ |

### લીલીયા મોટા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૫૬ | ૧૫૩૯ |
| કપાસ સી ગ્રેડી | ૮૨૫ | ૯૯૦ |

### ધારી

| | | |
|---|---|---|
| કપાસ એ | ૧૪૪૯ | ૧૪૫૯ |
| મગફળી | ૭૬૧ | ૯૦૧ |
| ઘંઉ | ૪૭૫ | ૪૭૫ |
| મગ | ૮૫૦ | ૧૪૨૫ |
| તલ | ૧૭૫૧ | ૧૭૫૧ |
| સોયાબીન | ૭૮૫ | ૮૩૫ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ ૬૬ | ૯૧૫ | ૯૯૩ |
| શીંગ ૩૯ | ૮૫૭ | ૮૫૭ |
| શીંગ ૩૨ | ૮૩૪ | ૯૮૫ |
| શીંગ જી ૨૦ | ૯૨૮ | ૧૧૦૦ |
| બાજરી | ૩૮૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૫૦૨ | ૫૬૧ |
| અડદ | ૭૧૬ | ૧૧૭૨ |
| મેથી | ૯૦૦ | ૯૦૦ |
| સોયબીન | ૭૧૨ | ૭૧૨ |
| તલ સફેદ | ૧૭૮૬ | ૧૭૮૬ |
| તલ કાળા | ૩૧૪૦ | ૩૧૪૦ |
| ડુંગળી લાલ | ૬૮ | ૨૪૬ |
| ડુંગળી સફેદ | ૧૧૨ | ૧૬૧ |
| કપાસ શંકર | ૯૯૫ | ૧૪૯૨ |
| નાળીયેર | ૮૦૧ | ૩૭૦૨ |

### જામનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૪૦૦ | ૪૯૯ |
| અડદ | ૧૦૦૦ | ૧૨૭૦ |
| ચણા | ૯૫૦ | ૧૧૧૨ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૫૭૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૦૦૦ |
| મગફળી ૬૬ | ૮૦૦ | ૧૬૦૫ |
| લસણ | ૪૨૫ | ૭૯૫ |
| કપાસ | ૪૨૫ | ૭૯૫ |
| જીરૂ | ૩૧૦૦ | ૩૮૧૫ |
| અજમો | ૧૧૦૦ | ૨૫૦૦ |
| ધાણા | ૧૪૦૦ | ૧૪૪૦ |
| ડુંગળી સુકી | ૬૦ | ૨૦૫ |
| સોયાબીન | ૭૦૦ | ૮૩૫ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૫૧૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૧૬ |
| ચણા | ૭૦૧ | ૧૦૩૧ |
| અળદ | ૮૦૧ | ૧૨૨૧ |
| મગફળી | ૬૦૧ | ૯૫૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૫૧ |

### માર્ગ પર દોડતી એસ.ટી.બસ ખખડધજ હાલતમાં

# જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે ST બસને ધક્કો મારીને મદદ કરી



સાવરકુંડલા, તા.૨૮

'ચલ ચલ ચલ મેરે સાથી, ઓ મેરે સાથી, ચલે યાર ધક્કા માર, બંધ હૈ...' - આ ગીતની પંક્તિઓ અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને સાવરકુંડલાના પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત માટે સાચી ઠરી હતી. પ્રતાપ દુધાતે એક એસ.ટી.ને ધક્કો મારીને મદદ કરી હોવાનો કિસ્સો સામે આવ્યો છે, જેણે લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, રસ્તામાં કોઈ કારણોસર એસ.ટી. બસ અટકી ગઈ હતી અને તે સ્ટાર્ટ થઈ રહી નહોતી. આ સમયે ત્યાંથી પસાર થઈ રહેલા પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે સમયસૂચકતા વાપરીને બસને ધક્કો મારવામાં મદદ કરી હતી.આ ઘટનાને રાજકીય અને સામાજિક વર્તુળોમાં 'તંત્રને સક્રિય કરવા માટે પણ થોડો ધક્કો તો મારવો જ પડે' તેવા સંકેત તરીકે જોવામાં આવી રહી છે. ભલે આ ધક્કો બસને સ્ટાર્ટ કરવા માટે હતો, પરંતુ વિપક્ષના નેતા દ્વારા સરકારી બસને ધક્કો મારવાની આ ઘટના પરથી પ્રજામાં એવી ચર્ચા ઊઠી છે કે તંત્રની ધીમી ગતિને ઝડપ આપવા માટે પણ ક્યારેક આવા 'ધક્કા'ની જરૂર પડે છે. પ્રતાપ દુધાતની આ સહાયથી બસ ફરી શરૂ થઈ શકી હતી અને મુસાફરોને રાહત મળી હતી.

# જિલ્લામાંથી ૧૩ શરાબી ઝડપાયા

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લામાંથી પોલીસે ૧૩ શરાબીને ઝડપી પાડ્યા હતા. આ ઉપરાંત સનાળી, મોટી કુંકાવાવ, દામનગર, નારાયણનગર, થોરખાણમાંથી એક-એક અને અમરેલીમાંથી બે મળી કુલ સાત ઈસમો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો.





લાગે તો તીર :-"હેપ્પી ન્યૂ યર, હેપ્પી ન્યૂ યર"

# વિશ્વમાં રોબોટ યુગ આવી જશે ?

બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા





દુનિયાના સૌથી ધનિક વ્યક્તિ અને ટેસ્લાના સીઈઓ એલોન મસ્કે ૨૦૨૬થી ઓપ્ટિમસ હ્યુમનોઈડ રોબોટ્સનું ઉત્પાદન શરૂ કરવાનો ઈરાદો વ્યક્ત કર્યો એ સાથે જ આ મુદ્દો ફરી ચર્ચામાં છે. મસ્કે એલાન કર્યું છે કે, તેનું ટાર્ગેટ વાર્ષિક ૧૦ લાખ હ્યુમનોઈડ રોબોટ્સનું ઉત્પાદન કરવાનું છે. મસ્કે પોતાના હ્યુમનોઈટ રોબોટનું નામ 'ઓપ્ટિમસ' રાખ્યું છે. મસ્કની કંપની ટેસ્લા અત્યારે અમેરિકામાં ઈલેક્ટ્રિકલ કારના ઉત્પાદનમાં નંબર વન છે પણ મસ્ક હવે હ્યુમનોઈડ રોબોટ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવા માગે છે. મસ્કનો દાવો છે કે, રોબોટ્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) દુનિયાનું ભવિષ્ય છે તેમાં કોઈ શંકા નથી તેથી ટેસ્લાનું વિઝન સ્વચ્છ ઊર્જા અને સેલ્ફ-ડ્રાઈવિંગ કારથી આગળ વધીને હ્યુમનોઈડ રોબોટ બનાવવાનું છે.

મસ્કે ઓપ્ટિમસ નામ જાપાની કંપનીએ સર્જેલા ટ્રાન્સફોર્મર્સ સીરિઝ પરથી લીધું છે. ૧૯૮૪માં સૌથી પહેલાં ટ્રાન્સફોર્મર્સ રમકડાં બજારમાં મૂકાયેલાં. તેને જબરદસ્ત સફળતા મળતાં તેના પરથી કાર્ટૂન સીરિઝ બની, એનિમેટેડ ફિલ્મો બની ને મૂવી પણ બની. કોમિક પુસ્તકો, વીડિયો ગેમ્સ પણ બની છે.

જાપાની-અમેરિકન મીડિયા ફ્રેન્ચાઈઝ ટ્રાન્સફોર્મર્સની માલિકી અમેરિકન ટોય કંપની હાસ્બ્રો અને જાપાની ટોય કંપની ટાકારા ટોમીની છે. આ સીરિઝમાં હીરો ઓટોબોટ્સ છે અને ખલનાયક ડિસેપ્ટિકોન્સ છે, બંને વચ્ચેના યુદ્ધમાં બંનેના સૈનિકો વાહનો અને પ્રાણીઓમાં ફેરવાય છે. આ સીરિઝમાં ઓપ્ટિમસ પ્રાઈમ નામે પાત્ર છે ને મસ્કે તેના પરથી ઓપ્ટિમસ રોબોટ બનાવી દીધો છે.

////////////////

ઓપ્ટિમસ શું છે ?

ઓપ્ટિમસ એક પ્રકારના રોબોટ છે કે જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)થી ચાલે છે. મસ્ક ઓપ્ટિમસ કેવી રીતે કામ કરશે અને કેવા હશે એ વિશે સમયાંતરે વિગતો બહાર પાડ્યા કરે છે. મસ્કે પોતે કહ્યું છે કે, ઓપ્ટિમસ રોબોટ્સ માણસની જેમ દેખાય એવા બનાવાય છે અને માણસની જેમ ચાલવા અને વિચારવા ડિઝાઈન કરાયા છે. તેમની બોડીમાં એઆઈ વિઝન સિસ્ટમ અને ન્યુરલ નેટવર્ક્સ લાગેલા હશે તેથી માણસો જેવી મુવમેન્ટ કરી શકશે અને માણસો જેવા નિર્ણયો લેવા સક્ષમ હશે.

મસ્કના દાવા પ્રમાણે, ઓપ્ટિમસ અત્યાર સુધી બનેલા રોબોટ્સમાં મોટી અને સફળ પ્રોડક્ટ હશે. આ રોબોટ્સ માનવી કરતા પાંચ ગણી વધુ ક્ષમતાથી કામ કરશે. ટેસ્લાના ઓપ્ટિમસ રોબોટ્સ દેખાવમાં અને કામ કરવામાં લગભગ માણસ જેવા જ હશે અને એ વારંવાર કરવા પડે અથવા માણસ માટે શારીરિક રીતે પડકારરૂપ હોય તેવા કામ કરી શકશે. રોબોટ્સ ઉત્પાદન અને લોજિસ્ટિક્સથી લઈને હેલ્થકેર અને ઘરેલુ કામમાં મદદ પણ કરશે. આ રોબોટ્સના લીધે એક એવી દુનિયા સર્જાશે જેમાં ગરીબી નહિ હોય અને દરેક વ્યક્તિ શ્રેષ્ઠ તબીબી સારવાર મેળવી શકશે.

આ રોબોટ્સ અસાધારણ સર્જન પણ કરી શકશે. આ રોબોટ્સ ડૉક્ટરની જેમ સર્જરી કરવા સક્ષમ હશે. આ રોબોટ્સને શરૂઆતમાં ટેસ્લાની ફેક્ટરીઓમાં કામે લગાવાશે અને સંતોષકારક પરફોર્મન્સ લાગે તો બજારમાં તેને લોન્ચ પણ કરાશે. મસ્કનું માનવું છે કે, ઓપ્ટિમસ બજારમાં ધૂમ મચાવી દેશે.

////////////////

'ઓપ્ટિમસ'નો ઈતિહાસ શું છે?

ટેસ્લા બોટ તરીકે પણ ઓળખાતા 'ઓપ્ટિમસ'નો વિચાર મસ્કના મગજમાં બહુ પહેલાં આવી ગયેલો. મસ્કની કંપની ટેસ્લા ઈન્કોર્પોરેશન દ્વારા સામાન્ય કામો માટે વિકસાવાયેલા રોબોટિક હ્યુમનોઈડની જાહેરાત ૧૯ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ કંપનીના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ડે પ્રોગ્રામમાં કરવામાં આવી હતી. ટેસ્લાના સીઈઓ એલોન મસ્કે ૨૦૨૨માં કહેલું કે, પોતે માને છે કે 'ઓપ્ટિમસ' ભવિષ્યમાં ટેસ્લાના વાહનોના બિઝનેસને આંબી જશે અને કોઈએ કલ્પના ના કરી હોય એવો જબરદસ્ત બિઝનેસ બનવાની ક્ષમતા ધરાવે છે. ટેસ્લા ગીગા ટેક્સાસ પ્લાન્ટમાં ૭ એપ્રિલ, ૨૦૨૨ના રોજ સાયબર રોડીયો ઈવેન્ટ યોજાઈ હતી. એ વખતે ૨૦૨૨માં તેનો પ્રોટોટાઈપ એટલે કે પહેલો નમૂનો આખી દુનિયાને બતાવવામાં આવ્યો હતો. એ વખતે મસ્કે કહ્યું કે તેમને આશા છે કે ૨૦૨૩ સુધીમાં રોબોટ ઉત્પાદન શરૂ થઈ જશે અને માણસોને જે કામ કરવાં નથી ગમતાં એ બધાં કામ ઓપ્ટિમસ કરી શકશે. મસ્કે જૂન ૨૦૨૨માં કહેલું કે, ઓપ્ટિમસ સાયબર રોડીયો ઈવેન્ટ દરમિયાન બતાવાયેલા પ્રોટોટાઈપ જેવો બિલકુલ નહીં હોય પણ તેનાથી એકદમ અલગ હશે. સપ્ટેમ્બર ૨૦૨૨ માં, ટેસ્લાના બીજા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) દિવસે ઓપ્ટિમસના સેમી-ફંક્શનલ પ્રોટોટાઈપ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. આ પૈકી એક રોબોટ સ્ટેજ પર ચાલવા સક્ષમ હતો. બીજો રોબોટ તેના હાથને હલાવી શકતો હતો. સપ્ટેમ્બર ૨૦૨૩માં, ટેસ્લાએ ઓપ્ટિમસનો નવો વીડિયો રજૂ કર્યો તેમાં રોબોટને અલગ અલગ કામો કરતા બતાવાયા હતા. એ પછી ટેસ્લાએ જનરેશન ૨ અને જનરેશન ૩ રોબોટના વીડિયો બહાર પાડ્યા છે કે જેમાં રોબોટ માણસો કરી શકે એવા તમામ કામો કરી શકે છે.

હવે મસ્કે ૨૦૨૬ સુધીમાં ઉત્પાદન શરૂ કરવાની જાહેરાત કરી નાખી છે.

////////////////


ઓપ્ટિમસ ગરીબી ઘટાડશે ? મસ્કનો દાવો છે કે, માણસ જેવા જ ઓપ્ટિમસ હ્યુમનોઈડ રોબોટ દુનિયાનું ભવિષ્ય છે અને આ ઓપ્ટિમસ હ્યુમનોઈડ રોબોટ માણસ પરથી કામનો બોજ જ નહીં ઘટાડે પણ દુનિયામાંથી ગરીબી નાબૂદ કરવામાં પણ મદદ કરશે. ઓપ્ટિમસ હ્યુમનોઈડ રોબોટ કઈ રીતે ગરીબી દૂર કરશે એ વિશે મસ્કે કોઈ સ્પષ્ટતા કરી નથી. વારંવાર સવાલ પૂછાવા છતાં હ્યુમનોઈડ રોબોટ્સથી ગરીબી કેવી રીતે નાબૂદ થશે તે સમજાવવામાં મસ્ક નિષ્ફળ ગયા તેના કારણે અત્યારે તો એવો ભય વ્યક્ત કરાઈ રહ્યો છે કે, ઓપ્ટિમસ રોજગારી છિનવી લેશે અને લોકોને વધારે ગરીબ બનાવશે. લોકો પાસે કરવાતાં કામ રોબોટ પાસે કરાવાશે તેથી લોકોને રોજગારી મળતી બંધ થઈ જશે એવો ભય રોબોટ આવ્યા ત્યારથી સેવાય છે પણ આ ભય સાચો પડ્યો નથી કેમ કે રોબોટ વ્યાપક બન્યા નથી. જાપાન કે જર્મની જેવા ઉદ્યોગપ્રધાન દેશોમાં ફેક્ટરીઓમાં રોબોટ કામ કરે છે પણ એ સિવાય દુનિયામાં બીજે ક્યાંય રોબોટ્સનો એવો પ્રભાવ નથી પણ ઓપ્ટિમસને કારણે એ પ્રભાવ ઉભો થઈ શકે છે કેમ કે ઓપ્ટિમસ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ને આધારે કામ કરે છે. ઓપ્ટિમસ રોજગારીને ખાઈ જવા સક્ષમ રોબોટિક્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નું મિશ્રણ છે તેથી ખતરનાક સાબિત થઈ શકે છે. એઆઈ એવો રાક્ષસ છે કે જેને ભવિષ્યમાં નાથવો મુશ્કેલ થઈ જવાનો છે. એઆઈ અત્યારે પ્રારંભિક તબક્કામાં છે પણ ભવિષ્યમાં ઘણી નોકરીઓ ખાઈ જશે અને ઘણાં કામો કરવા માટે માણસોની જરૂર જ નહીં પડે. ઓપ્ટિમસ તો એઆઈનું ભેજું ધરાવતો રોબોટ છે તેથી મજૂરોની જરૂર પણ ના રહે એવી સ્થિતી પેદા કરી શકે.

////////////////

ભવિષ્યમાં રોબોટિક સૈનિકો પણ આવી શકે છે.

દુનિયાના વિકસિત દેશો એઆઈને ઓપન પ્લેટફોર્મ બનાવી દેવાની તરફેણ કરે છે. તેના કારણે કોઈ પણ દેશની સીક્યુરિટી પર ખતરો ઉભો થવા સહિતની સમસ્યાઓ ઉભી થાય. એઆઈનો અત્યારે ઉપયોગ નાનાં નાનાં કામો કરવા થાય છે પણ ભવિષ્યમાં જાસૂસી, હેકિંગ વગેરે માટે પણ થઈ શકે. ચીન, અમેરિકા સહિતના દુનિયાના મોટા દેશો દુનિયાની દરેક ટેકનોલોજીનો ઉપયોગ પોતાનો સ્વાર્થ સાધવા માટે અને દુનિયા પર પોતાનું વર્ચસ્વ જમાવવા માટે કરે છે એ કોઈનાથી છૂપું નથી. અત્યારે પણ અમેરિકા, ચીન, રશિયા સહિતના દેશો દ્વારા હેકિંગની પ્રવૃત્તિ મોટાપાયે ચાલે જ છે. બીજા દેશોની સિસ્ટમમાં ઘૂસીને દેશના તંત્રને ઠપ્પ કરી દેવાના કે રહસ્યો ચોરી લેવાના ઉધામા થાય જ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ની એન્ટ્રીથી એ કામ સરળ બનશે. કોઈ પણ દેશનો સંવેદનશીલ ડેટા ચોરી લઈને તેનો ઉપયોગ વિનાશક અને વિધ્વંશક પ્રવૃત્તિઓ માટે કરી જ શકાય એ એ જોતાં તેને રોકવા માટે શું કરવું તેની ચિંતા કરવી જરૂરી છે. આતંકવાદીઓ કે દુશ્મન દેશો એઆઈનો ઉપયોગ કરીને કોઈ દેશની સુરક્ષાને નુકસાન કરી શકે છે. મસ્ક વેપારી માણસ છે તેથી નફો મળતો હોય તો ભવિષ્યમાં ઓપ્ટિમસ સોલ્જર પણ બનાવવા માડે અને એ ખતરનાક સાબિત થાય.

# તમે પણ સર્જી શકશો ઇશ્વર જેવી દુનિયા




જે રીતે ઈશ્વરને સર્જક કહેવામાં આવે છે એ રીતે કવિઓ અને લેખકોને પણ સર્જક કહેવામાં આવે છે. પણ હવે ઈશ્વરો, કવિઓ, લેખકોની સર્જક તરીકેની મોનોપોલીઓ તૂટી ગઈ છે અને જે કંઈ બાકી છે તે તૂટી રહી છે. ઈશ્વરો અને કવિઓ, લેખકોની જેમ હવે તમે પણ તમારી દુનિયા સર્જી શકશો.

ઈશ્વરે જે કંઈ સર્જી દીધું છે તેને સામાન્ય રીતે આપણે માયા કહીએ છીએ. બ્રહ્મ સત્ય જગત મીથ્યા. આ મિથ્યા એટલે કે માયા. હવે આ માયામાં પણ બીજી એક માયાવી માયા પેદા થઈ છે અને તેનું નામ એઆઈ ટેકનોલોજી છે. માનવીએ પોતે જ સર્જેલી આ માયામાં માનવી હવે ભૂલો પડી જશે અને જો કાળજી નહીં રાખે તો પોતાની જ માયામાં ભટકી જશે. ભટકી જશે એ તો ઠીક છે પણ અનેકને ભટકાવી પણ દેશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના જમાનામાં હવે કોઈપણના ફોટા કોઈપણની સાથે હોઈ શકે છે અને કોઈપણ સ્થિતિમાં હોઈ શકે છે. માત્ર ફોટા જ નહીં ગમે તેના ગમે તે પ્રકારના વીડિયો પણ હોઈ શકે છે અને એ પણ એકદમ સાચુકલા લાગે તેવા વીડિયો બની શકે છે. ફક્ત એક વ્યક્તિનો ફોટો જોઈએ અને તે ફોટાને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી ગમે તે પ્રકારે હાલતો-ચાલતો અને જે કંઈ કમાન્ડ આપો તે કાર્ય કરતો દેખાડી શકાય છે.

હજી તેનાથી આગળ...

કોઈપણ વ્યક્તિના અવાજનો માત્ર એક નમૂનો જોઈએ. બસ એક કણ જોઈએ અવાજનો. બસ એના ઉપરથી આર્ટિફિશિયલ એ વ્યક્તિના નામનો ઉપયોગ કરીને તેની પાસે ગમે તે વાત ફોનમાં વીડિયોમાં કે કોઈપણ ધ્વનિ મુદ્રિત માધ્યમમાં કરાવી શકાય શકે.

આ ખતરનાક માયાવી માયા ઘણાને રાજી રાજી કરી ગઈ છે. હવે તમારે ફિલ્મનો હીરો બનવું હોય તો એક્ટિંગ આવડવી કે કરવી જરૂરી નથી. ફક્ત તમારા બે પાંચ ફોટા જોઈએ અને બે પાંચ વીડિયો જોઈએ તેના પરથી તમને ચમકાવતી આખે આખી ફિલ્મ બની શકે. તમારો જ અવાજ તમારી જ એક્ટિંગ. એક સારી સ્ક્રીપ્ટ તૈયાર કરો અને બની જાઓ તમારી ફિલ્મના હીરો. આમ તો અત્યારે આમાં કોપીરાઈટના ઈશ્યુ આવી શકે. બાકી તમે અમિતાભ બચ્ચન કે રાજકુમારને લઈને પણ એને પૂછ્યા વગર એક ફિલ્મ બનાવી શકો. રાજકુમાર કે રાજ કપૂર અત્યારે હયાત નથી પરંતુ એમને લઈને તમે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા એકદમ નવી સ્ક્રીપ્ટ સાથે નવી ફિલ્મ બનાવી શકો છો.

તાજેતરનો જ દાખલો લઈ લો. સૈયારા ફિલ્મનું "સૈયારા તુ તો બદલા નહી હૈ મોસમ જરા સા રુઠા હુઆ હૈ" ગીત ફહિમ અબ્દુલ્લાએ ગાયું છે અને તેને તનિષ્ક બાગચી, ફહિમ અબ્દુલ્લા પોતે અને અર્સલાન નીઝામીએ સંગીતબદ્ધ કર્યું છે. પણ કેટલાક લોકોને થયું કે આ ગીત કિશોરકુમાર હોય તો કઈ રીતે ગાય? એ લોકોએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કર્યો અને "સૈયારા"ના નવા ગીતના સંગીતના સ્થાને ૧૯૮૦ના દાયકાનો સંગીતનો નમૂનો લઈ મૂકી દીધો અને કિશોરકુમારના અવાજના નમુનાને લઈને તેમાં મૂકીને એ ગીત એવી રીતે બનાવ્યું કે તે સાંભળીને કોઈ એમ કહી જ ન શકે કે આ ગીત કિશોરકુમારે નથી ગાયું. તમને એમ લાગે કે આ સંગીત આર.ડી. બર્મનનું છે. બસ સૈયારાના ઓરીજનલ ગીત કરતા આ ગીત youtube ઉપર ધૂમ મચાવી ગયું અને ત્યાર પછી બીજાં ગીતો પણ આ રીતે બન્યાં.

આ માત્ર દાખલો છે, એઆઈના ઉપયોગથી ગમે તેનું ગમે તે થઈ શકે. વાસ્તવમાં તમે તમારી મનપસંદ વ્યક્તિ સાથે કંઈ કરી શકો કે ન કરી શકો પરંતુ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી તમે મેડોના કે માધુરી દીક્ષિત સાથે પણ પ્રેમાલાપ કરી શકો. એ તો ઠીક છે પણ તમને ખબર વગર તમારા દુશ્મનો તમે તમારી x સાથે ફરતા હો તેવા ફોટા પણ બનાવી શકે અને તેવા વીડિયો પણ બનાવી શકે અને તેમાં અદલોઅદલ તમારો પોતાનો અવાજ પણ હોઈ શકે. હવે આ વીડિયો કે આ ઓડિયો તમારી વર્તમાન પત્નીને બતાવવામાં આવે તો સુમધુર ડખાઓ થઈ શકે અથવા તો ખતરનાક ડખાઓ પણ થઈ શકે અને વાત છૂટાછેડા સુધી પણ પહોંચી શકે અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના એ વિડીયો અદાલતમાં પણ પુરાવા તરીકે રજૂ થઈ શકે. એની તપાસ કરતાં કરતાં પોલીસનો આઈટી સેલ પણ ગડથોલાં ખાઈ શકે અને કોર્ટ પોતે પણ આ માયાવી માયાની માયાજાળમાં ભ્રમિત થઈ શકે. કારણ કે કંઈ ખબર પડવી જોઈએ ને? હવે એવું હાઈ ઈન્ટેલિજન્ટ એઆઈ આવી ગયું છે કે જે વીડિયો કે ઓડિયો તૈયાર થયો છે તે ઓરીજનલ છે કે ફેબ્રિકેટેડ છે તેની ખબર જ ના પડે. આનું કંઈક કરવું પડશે નહીંતર માનવી પોતાની જ માયાજાળમાં ફસાઈ જશે. અનેક છૂટાછેડાઓ થઈ જશે અનેક ખૂનાખૂનીઓ થઈ જશે. બીજું ઘણું બધું થઈ જશે. કોર્ટની તો ખાલી વાત થાય છે, બાકી કોર્ટમાં કે પોલીસમાં ગયા વગર જ આ પ્રકારના ખોટુકલા વીડિયોને સાચુકલા માનીને પોતાની રીતે ધુવાંફુવાં થઈને અમુક જાતના નિર્ણયો લેવાની ટેવવાળા શખ્સો કેટલી હદે ન કરવાનું કરી નાખશે?

ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા

વાત કરો માં, વાત કરો માં, વાત કરો માં...

એઆઈ દ્વારા જેટલું પોઝિટિવ વિચારી શકાય તેમ છે એટલું જ નેગેટિવ પણ શક્ય છે. કોઈએ એવી આગાહી કરી છે કે એક દિવસ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જ મનુષ્ય જાતિનો ખાતમો કરી નાખશે. આ પણ શક્ય છે. અને એ પણ શક્ય છે કે એઆઈના કારણે મનુષ્ય પૃથ્વીને સ્વર્ગ બનાવી શકે અને બ્રહ્માંડમાં પોતાના પંજાઓ ફેલાવી શકે. ■

naranbaraiya277@gmail.com

# દીપોત્સવ :૨૦૨૫



હિન્દુઓનો મહત્વનો તહેવાર દિવાળી અને બેસતું વર્ષ હોય છે. દીપોત્સવ ૨૦૨૫ સમગ્ર વિશ્વ માટે સુખ, શાંતિ અને સમૃદ્ધિ લઈને આવે તેવી પ્રાર્થના કરું છું. ભારતની ભવ્ય અને દિવ્ય સંસ્કૃતિમાં માનવતા કેન્દ્રસ્થાને હોય છે. પશ્ચિમના દેશો પણ આપણી આધ્યાત્મિકતાથી પ્રભાવિત થયા છે. દુનિયામાં કશું જ નહોતું ત્યારે ભારતનો ચંદરવો ચોફેર ખીલેલો હતો તેવું મેક્સમુલર નામના ઈતિહાસકારે સ્વીકાર્યું છે. ધનતેરસ, કાળી ચૌદસ, દિવાળી, બેસતું વર્ષ અને ભાઈબીજ આવા હિન્દુ રાષ્ટ્રના પર્વો આપણા દેશની ઓળખ છે.

સામાજિક અને શૈક્ષણિક
ડો. વિપુલ ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)



દીવો ત્યારે જ પ્રજ્જવલિત હોય છે તેમાં કોડિયામાં રહેલું તેલ તેને જીવંત રાખે છે. પરિવારમાં પણ એક વ્યક્તિનો ભોગ સમગ્ર પરિવારની આધારશીલા હોય છે. સંસ્કૃતિ અને સભ્યતાવાળા દેશમાં જન્મવું તે આપણા માટે ગૌરવની વાત છે. સામૂહિક ભાવના અને પારિવારિક એકતા કેળવવાના તહેવારો એ ભારતીય સંસ્કૃતિની ઓળખ છે. આવો પ્રગટાવીએ નવતર દીવા જેમાં જ્ઞાન અને સમજણની અદ્‌ભુત શક્તિ હોય, જેના થકી સુખ, શાંતિ અને એકતા પ્રગટાવીએ.

ભારતીય સંસ્કૃતિના દીવાની જ્યોત હંમેશા અંધારામાં અજવાળું આપે છે. ભારતનું બુદ્ધિશાળી ધન દેશપ્રેમ તરફ વળે તે જરૂરી છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ રાષ્ટ્રભક્તિના પ્રકલ્પો થકી કાર્ય કરે છે. તેમાં આપણે બધા જોડાવીએ. દેશના જવાનો સરહદની સુરક્ષા કરે છે. સિવિલિયન લોકો આંતરિક વ્યવસ્થાને મજબૂત બનાવે છે. મારા દેશની ગરીમાને વ્યાપક બનાવવા માટે હું નવા વર્ષે નવા સંકલ્પો સાથે કાર્ય કરીશ. "સૌથી મોટામાં મોટો ધર્મ રાષ્ટ્રધર્મ છે" આ વાક્ય શહીદે આઝમ ભગતસિંહનું દરેક વ્યક્તિના કાનમાં અને હૃદયમાં ગુંજવું જોઈએ.

અજ્ઞાનનાં તિમિરને દૂર કરી, જ્ઞાનદીપ જલાવીએ. દિ'વાળે એવી દિવાળીની સાચી ઉજવણી કરી, સંવેદનહીન હૃદયમાં સ્નેહનો દીપ જલાવીએ. ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણએ કહ્યું છે કે, "ભારત વસુધૈવ કુટુંબ"ની ભાવના ધરાવતો દેશ છે. વિશ્વપ્રેમની ભાવના ભારતમાં જોવા મળે છે. સંતો, મહાત્માઓ, ઋષિઓ એ આપણી સંસ્કૃતિની ધરોહર છે. તેમને વંદન કરીએ. પર્યાવરણનું સંરક્ષણ કરીએ, પ્રદૂષણમુક્ત રાષ્ટ્ર બનાવીએ. બિનજરૂરી ફટાકડા ફોડવાથી પોલ્યુશન જ થવાનું છે. તેની જગ્યાએ જ્ઞાનની અને પ્રાચીન રમતો થકી સશક્ત બનવાની કેળવણી કેળવીએ.

પારિવારિક ભાવનામાં ભણેલા લોકો બૌદ્ધિક રીતે એટલો બધો વિરોધ કરતા હોય છે પરંતુ ઉપરવાળાને ત્યાં દેર છે પણ અંધેર નથી. સત્ય હંમેશા સનાતન રહે છે. દીપોત્સવ પર્વમાં માનવતાની મશાલ દીપાવીએ. એકબીજાને મદદ કરવાની ભાવના તમારા હૃદયમાં હશે તો દ્વારકાધીશ તમારા હૃદયમાં જ છે.

નવા મંત્રીમંડળમાં જેને સ્થાન મળ્યું છે તેવા ધારાસભ્યો રાષ્ટ્રસેવાના પ્રકલ્પને સાકાર અને આકાર કરે તેવી પ્રજા આપની પાસે અપેક્ષા રાખે છે. ખેડૂતોના પ્રશ્નો તરફ ધ્યાન આપવાની જરૂર છે. બોટાદ માર્કેટમાં "કડદો" શબ્દ ઉભો થયો છે તેને કાયમ માટે નેસ્તનાબૂદ કરવાની જરૂર છે. સરદાર પટેલે ખેડૂતોને જગતના તાત્ કહ્યા છે. ખેડૂતોની દિવાળી સારી થાય તે માટે પોષણતમ ભાવ મળે તે જોવાનું કામ સરકારનું છે. આ ગંભીર પ્રશ્નોનું સત્વરે સમાધાન થાય તે જરૂરી છે.

કોઈની દિવાળી બગાડીને આપણી સુધારી શકાતી નથી. માનવતાના કોડિયા હંમેશા તેલથી ભરેલા જ હોવા જોઈએ તો જ પ્રકાશ આપશે. પરિવારમાં રાગદ્વેષનાં જાળાં અંતરેથી પાડી નાંખી, ગેરસમજમાં નફરતની ગાંઠો ખોલી નાખીએ. ભીતરમાં, નિરાશ હૈયામાં આશાનો દીપ જલાવીએ. બાકી આ પૃથ્વી ઉપર જે આવ્યા છે તે બધાને જવાનું છે. સમજણ શક્તિ ખૂબ મહત્વની છે.

જીવનના ચોપડામાં સરવાળા બાદબાકીનું સરવૈયું માંડીએ તો ખ્યાલ આવે મહાભારતના યુદ્ધમાં કૃષ્ણ ભગવાન પાંડવોના પક્ષે રહ્યા હતા તેનું મૂળ કારણ સત્ય હતું. સત્ય હંમેશા વિજય તરફ લઈ જાય છે. દીપોત્સવ પરિવારની ખુશી, સમૃદ્ધિ અને સમજણની શક્તિ આપે છે.

'તમસો મા જ્યોર્તિગમય'ની જ્યોત જલાવીએ. સમાજના તમામ વર્ગો સુખ, શાંતિ અને સમૃદ્ધિ તરફ પ્રયાણ કરે તેવી ભાવના રાખીએ. સામાન્ય માણસમાં પણ રાષ્ટ્રભક્તિના ગુણો કેળવવા જોઈએ. મારાથી ખોટું ના થાય, મફતનું રેશનિંગ ના ખવાય, હું સમયસર ટેક્સ ભરી દઈશ, દેશ છે તો આપણે છીએ એવી ભાવના રાષ્ટ્રના લોકોમાં નિર્માણ થાય એટલે ચારધામનું પુણ્ય પ્રાપ્ત થાય. સૌ મારા વાચક વર્ગને દીપોત્સવ પર્વની ખૂબ શુભકામના. એકબીજાને મદદ કરતા રહીએ. સત્યના માર્ગે ચાલીએ એ જ જીવનનો સમજણ માર્ગ છે. વંદે માતરમ... ભારત માતાકી જય.. ■

Mo.9825702282

# આરોગ્ય માટે અત્યંત લાભદાયક – જામફળ



ઉપજ –

● ૧ હેક્ટર જમીનમાંથી સામાન્ય રીતે ૨૦–૨૫ ટન ફળ મળે છે.

● સારી સંભાળ રાખીએ તો ૪૦–૫૦ ટન સુધી ઉપજ મળી શકે છે.

આર્થિક મહત્વ

● સ્થાનિક બજારમાં પણ માગ વધારે છે.

● પ્રોસેસિંગ (જેલી, જામ, જ્યુસ, પાઉડર) માટે મોટી તકો.

● ઓછા ખર્ચે વધારે નફો આપતી ફળોની ખેતીમાં જામફળ ખૂબ ફાયદાકારક છે.

એટલે જામફળની ખેતી ખેડૂતો માટે લાભકારી, ઓછા ખર્ચે, ટકાઉ વ્યવસાય છે.

પોષક તત્ત્વો (૧૦૦ ગ્રામ જામફળમાં) –

● કેલરી: ૬૮

● પ્રોટીન: ૨.૬ ગ્રામ

● ફાઈબર: ૫.૪ ગ્રામ

● વિટામિન C: દૈનિક જરૂરિયાત કરતાં ૪-૫ ગણું વધારે

● વિટામિન A, ફોલેટ, પોટેશિયમ, મેગ્નેશિયમ પણ ભરપૂર

આરોગ્ય લાભો –

૧. રોગપ્રતિકારક શક્તિ વધારશે – ઊંચા પ્રમાણમાં Vitamin C હોવાને કારણે.

૨. પાચન સુધારે – તેમાં રહેલ ફાઈબર કબજિયાત દૂર કરે છે.

૩. ડાયાબિટીસ માટે ફાયદાકારક – બ્લડ શુગરને નિયંત્રિત કરવામાં મદદરૂપ.

૪. હૃદય માટે સારું – પોટેશિયમ અને ફાઈબર બ્લડ પ્રેશર નિયંત્રિત કરે છે.

૫. ચામડી અને વાળ માટે લાભદાયી – એન્ટી-ઑકિસડન્ટ અને વિટામિન C ચહેરાને તેજસ્વી બનાવે છે.

૬. વજન ઘટાડવામાં મદદરૂપ – ઓછી કેલરી અને વધુ ફાઈબર હોવાને કારણે પેટ ભરેલું લાગે છે.

૭. આંખોની તંદુરસ્તી માટે – વિટામિન A દ્રષ્ટિ માટે સારું છે.

ઉપયોગ –

● કાચું કે પાકેલું ફળ ખાવામાં આવે છે.

● જામ, જેલી, જ્યુસ, સ્ક્વાશ અને મુરબ્બો બનાવવામાં વપરાય છે.

● જામફળની પાંદડીઓ કઢી કે ચા સ્વરૂપે લેવાય છે, જે દાંતની સમસ્યા અને પાચન માટે ઉપયોગી છે.

ધ્યાનમાં રાખવાની બાબતો –

● અતિ પ્રમાણમાં ખાવાથી ગેસ અથવા એસિડિટી થઈ શકે છે.

● બી વધારે ખાવાથી પાચનમાં ભારે લાગી શકે.

એટલે, જામફળ સ્વાદિષ્ટ હોવા ઉપરાંત એક સુપરફૂડ ગણાય છે.

જામફળ આધારિત મૂલ્યવર્ધિત પ્રોડક્ટ્સ –

૧. જામફળનું જ્યુસ

● સ્ક્વાશ બનાવી પેકેજિંગ કરાય.

● માર્કેટમાં હેલ્થ ડ્રિન્ક તરીકે ડિમાન્ડ છે.

૨. જેલી અને જામ

● જામફળમાં પેક્ટિનની માત્રા વધુ હોવાથી સરસ જેલી બને છે.

● વિવિધ સ્વાદવાળી (સ્ટ્રોબેરી-જામફળ, આમળા-જામફળ) કોમ્બિનેશન પણ કરી શકાય.

૩. મૂરબ્બો અને કેન્ડી

● જામફળના ટુકડા ખાંડમાં પ્રિઝર્વ કરી મૂરબ્બો અથવા ટોફી-કેન્ડી બનાવી શકાય.

૪. ડિહાઈડ્રેટેડ/સુકાં જામફળ

● સ્લાઈસ કાપીને સુકવીને પેક કરી શકાય.

● ચિપ્સ અથવા પાઉડર સ્વરૂપે હેલ્થ સપ્લીમેન્ટમાં ઉપયોગી.

૫. જામફળ પાઉડર

● સુકવેલા જામફળનો પાઉડર બનાવી આઈસક્રીમ, શેક, બેકરી આઈટમમાં વાપરી શકાય.

૬. જામફળ વાઈન / ફર્મેન્ટેડ ડ્રિન્ક

● કેટલાક દેશોમાં જામફળમાંથી વાઈન, વિનેગર બનાવવામાં આવે છે.

૭. ચટણી અને સોસ

● ઘરેલુ તેમજ કોમર્શિયલ પ્રોડક્શન માટે.

આમ, જામફળમાંથી સારી આવક પણ મેળવી શકાય તથા તે પૌષ્ટિક પણ છે.

તેમાં મુખ્યત્વે નીચે મુજબના પોષક તત્વો હોય છે:

જમરૂખ (Guava) એ વિટામિન ’સી’ નો ઉત્તમ સ્ત્રોત છે. તે રોગપ્રતિકારક શક્તિ વધારવા અને ત્વચાના સ્વાસ્થ્ય માટે ખૂબ જ જરૂરી છે.



વૈવિધ્ય
ડૉ. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

ફાઈબર (રેસા): તે પાચનતંત્રને સ્વસ્થ રાખવામાં અને કબજિયાત અટકાવવામાં મદદ કરે છે.

એન્ટીઑકિસડન્ટો: તે શરીરના કોષોને નુકસાનથી બચાવે છે.

પોટેશિયમ: જે બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં મદદરૂપ છે.

hemangidmehta@gmail.com

# “હેપ્પી ન્યૂ યર, હેપ્પી ન્યૂ યર”




“હેપ્પી ન્યૂ યર, હેપ્પી ન્યૂ યર.”

“શેરીમાં કોઈ નથી અને એક માત્ર બકો જ કેમ નીકળ્યો છે? ”

વળી બોસને વિચાર આવ્યો. “પાછો, વિક્રમ સવંતને ઈંગ્લીશ હારે ભેળવીને સુરતીલોચો કાં તો ભેળ બનાવે છે. આને હવે રોકવો પડશે.”

“એ..ઈ બકા ! આજ ’દિ કોની કોર ઊગ્યો?”

“તમેય તે શું બોસ ! ’દિ તો રોજ ઉગમણી કોર જ ઊગે છે ને !! હા, આજે કાંઈક ખાસ ઉગ્યો છે.”

“પણ, આજે ખાસ શું છે? દરરોજની જેમ આજેય ’દિ ઊગ્યો જ છે. આમાં ખાસ શું?” “લો કર લો બાત ! આજે વિક્રમ સવંત ૨૦૮૨ નો પહેલો દિવસ નથી? નવા વરસના સૌને અભિનંદન નથી આપવા?”

“આપવા તો છે. પણ, તારી જેમ ખોટે ખોટાં નહીં.”

“કેમ કેમ ? હું હેપ્પી ન્યૂ યર ખોટું બોલું છું?”

“જો બકા, આપણું નવું વરસ છે એટલે અભિનંદન પણ, આપણી જ ભાષામાં જ હોવાં જોઈએ. પણ, એનોય વાંધો નથી. પણ, હાસા દિવસે તો હોવા જોઈએ ને !!?”



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

“કેમ !? આજે નવું વરસ નથી ?? દિવાળી તો કાલે ગઈ. રામ વનમાંથી આવ્યા, એટલે દીવા કરીને દિવાળી ઉજવી અને વળતે જ દિવસે નવું વરસ.”

“રામ ક્યાંય વચ્ચેનાં દિવસે આંટો મારવાં ગ્યા ’તા ?

રામ તો નહીં ગયાં હોય. પણ, આપણે પાછાં ઘરે જવાનું છે. આજે ધોકો છે. આજે અભિનંદન નથી આપવાનાં.”

“બોસ બોસ, હમણાં જ તમે કહેતાં હતાં કે, હેપ્પી ન્યૂ યર બોલીને તું ભેળસેળ કરે છે. પણ, આ ધોકો વચ્ચે લાવીને તમે કે સૌ મોટી ગરબડ નથી કરતાં?

એક તો આપણે ત્યાં ભેળસેળ વગરનું કાંઈ છે જ નહીં. અને ઉપરથી આ બાકી હતું તે ધોકો ભેળવ્યો.

દિવાળીનો ઉત્સાહ આ ધોકો ધોઈ નાંખે છે.

છતાંય આપણે તો હંધાય કરે એમ કરવાનું છે. હાં (કેટલાં ’ક લોકો આમાં બાકાત છે.)”

“તારી લાગણી અને માંગણી હું હમજી હકુ છું. પણ, આ પંચાંગ હામે હું ય લાચાર છું. બાકી, અભિનંદન તો તમે આજે આપો કે કાલે આપો ઈ તો પોગી જ જાવાના છે.

આપણે તો જૂની કડવાશ બધી જ ભૂલીને નવી ગીલ્લી, નવો દાવ કરવાનો છે. (ભલે આજકાલ ગીલ્લી ડંડાથી કોઈ રમતું નથી) પણ, કહેવત તો બદલતી નથી.માણસ બદલે છે.

પણ બકા, આ વરસમાં તારે ખાસ કોઈને અભિનંદન આપવા છે? ખાસ એનાં માટે પ્રાર્થના કરવી છે??”

“બોસ, આપણે વધું તો શું કરી શકીએ ? પણ, ગુજરાતને હારા રસ્તા મળે. ખેડૂતને હારો ભાવ મળે. હીરાવાળાને હીરા મળે અને વાંઢા હોય એને વહું મળે.”

“બકા, આ બધું તો છાસ છાગોળે અને ભેંસ ભાગોળે જેવું છે. ઈન્સ્ટન્ટ કોઈને કાંઈ મળે એનાં માટે કોઈ પ્રાર્થના ખરી !?? જેનાથી સૌ રાજીના રેડ થઈ જાય.”

“હા હા, છે ને. આ બકાના ભાથામાં બધાં જ તીર હોય છે.”

“તો એકાદ બે તીર હલાવો.. જોઈએ.., તીર છે, કે થોથું !??”

“૧૨૪ વર્ષ પહેલાં શરું થયેલો વિશ્વનો સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કાર ”નોબેલ શાંતિ પુરસ્કાર" જે આ વર્ષે વેનેઝુએલાની મારિયાને મળ્યો છે. એ પુરસ્કાર અમેરિકાના માથાં ફરેલાં ડોનાલ્ડ ટ્રમ્પને મળે.”

“કેમ કેમ ? એને કેમ મળે ??”

“તેઓ આ પુરસ્કાર ખરીદ કરવા માંગતા હતા. વારંવાર એમણે કોશિશ કરી પણ, નોર્વેની સંસદમાંથી ચૂંટાયેલા પાંચ પ્રતિનિધિની સમિતિ વિજેતાની પસંદગી કરે છે. અને આ પ્રક્રિયા પચાસ વર્ષ સુધી ટોપ સિક્રેટ રહે છે. આ ભાઈએ આ લોકોને ખરીદવાની ઈચ્છા દર્શાવી. પણ, દુર્ભાગ્ય એનું કે એ ભારતીય નહોતા. એટલે એમની કમાન છટકી છે. હું દુનિયાને બતાવી દઈશ કે હું શું શું કરી શકું છું. એટલે ઈ કાંય કરે એનાં પહેલાં આ પુરસ્કાર એનાં હાથમાં આપો.(ભલે નકલી તો નકલી.)”

“હવે આગળની ઈચ્છા શું છે ?” “એશિયા કપની ટ્વેન્ટી ટ્વેન્ટી મેચોમાં પાકિસ્તાન ભારત સામે બાર બાર મેચ હારી ગયું છે. અને ભારત સામે ક્યારેય કપ જીત્યો નથી. તો આ વખતે ભારતે જીતેલો એશિયા કપ પાકિસ્તાનને મળે.”

“અરે..અરે..બકા, જોઈ વિચારીને બયાન આપજે હોં. અને હારી ગયેલાંને કપ શા માટે મળે ?”

“પાકિસ્તાનના પ્રધાન મુનીરની હરકત તમે જોઈ? કલાક સુધી એ સ્ટેજ ઉપર પુતળાની જેમ ઉભા રહ્યા. ના કોઈએ એમનો ભાવ પુછ્યો, ના એમના હાથે ટ્રોફી લીધી. ભલે ગધેડા વેચીને ગુજરાન ચલાવતા હોય. પણ, છે તો માણસને. એટલે હંમેશની મુજબ એમને ગુસ્સો આવી ગયો. એમણે તો ભારતે જીતેલી ટ્રોફી લઈને ચાલતી પકડી ICC એ વારંવાર કહ્યું. આ તમારી ટ્રોફી નથી. આના ઉપર તમારો હક્ક નથી. પણ, માને તો મુનીર થોડાં જ કહેવાય!! એટલે બચાડાને વગર રમ્યે આ ટ્રોફી મળે.”

“હવે નવી ઈચ્છા શું છે?”

“લાઈન લગાવીને ઉભેલા ધારાસભ્યને મંત્રી પદ મળે, નવા બનેલા ધારાસભ્યને ખાવાનું મળે, ધારાસભ્ય બનવા ખેડૂતોના ખભે બંદૂક રાખનારાને ટિકિટ મળે, મનીષભાઈ કહે છે કે, રાહુલને નોબેલ પુરસ્કાર મળે. તો ભલે ને મળે, આપણે ક્યાં દેવો છે. સંજોગ ન્યૂઝને નવા વાચકો મળે.

અને આવું બધું કરવા માટે સૌને સદબુદ્ધિ મળે.

છેલ્લે..આ લખનારને નવાં વર્ષના અભિનંદન મળે.” ■

kalubhaibhad123@gmail.com

# બચો ટ્રાવેલ સિકનેસથી.... આ રીતે



સફર દરમિયાન કયાંક વાતાવરણને કારણે, કયાંક ફૂડને કારણ કે કયાંક પાણીને કારણે આપના સ્વાસ્થ્ય પર કોઈ સમસ્યા આવી પડે, તો એને નિવારવાના આ ઉપાય અપનાવો અને સફરનો ખુલ્લાં મને આનંદ ઉઠાવો...!



જીવન તરંગ
જયસ્વી પટેલ

સફર દરમિયાન તબિયત બગાડવાને ટ્રાવેલ સિકનેસ કહે છે. જો કે આ બહુ અનિયમિત પરિસ્થિતિ હોય છે, જે સંપૂર્ણપણે તોડી દે છે. સફરમાં થનારી આ પીડા કોઈને પણ થઈ શકે છે, જો કે મહિલાઓ અને ૩ થી ૧૨ વર્ષ સુધીના બાળકોને આ પરેશાની વધુ અસર કરે છે.

ટ્રાવેલ સિકનેસ કાનના આંતરિક હિસ્સાને બેચેન કરી દેખારી અસર છે, જે વારંવાર થનારી ગતિવિધિઓ જેવી કે સાગરના મોજા, ઓટોનો અવાજ, પ્લેનનો અવાજ વગેરે કારણસર આ અસર થાય છે. કાનનો આંતરિક ભાગ એવી ચીજોના વિવિધ ઈશારાઓને મહેસૂસ કરે છે, જેને તમારી આંખ જુએ છે અને પછી તે મગજને સંદેશો મોકલે છે અને પરેશાની ઉત્પન્ન કરે છે.

ટ્રાવેલ સિકનેસના લક્ષણ : ઉબકા આવવા, ત્વચા પીળી પડવી, પસીનો છૂટવો, ઊલટી થવી, ચક્કર આવવા, માથું દુઃખવું, થાક લાગવો વગેરે.

ટ્રાવેલ સિકનેસના કારણ : સફર દરમિયાન થનારી આ પરેશાનીનું સૌથી મોટું કારણ એ છે કે, આ ન્યૂરોટોકિસનની વિરૂધ્ધ માનસિક સુરક્ષારૂપે પેદા થાય છે. આપણું શરીર જે ગતિમાં હોય છે, એની ખબર આપણું મગજ સંવેદન સિસ્ટમના અલગ-અલગ ભાગો - કાનના અંદરના ભાગો, આંખો વગેરે દ્વારા મેળવે છે. જો આંખો મગજને બતાવે છે કે વ્યક્તિ ઊભેલા છે, જયારે વેસ્ટિબુલર, ફ્રેમવર્કમાં માથાની ગતિવિધિઓનો ખ્યાલ આવે છે, તો એ મગજને સંદેશો આપીને ચકરાવે ચઢાવી દે છે અને સફર દરમિયાન થનારી પરેશાનીનો સંકેત આપે છે, કાનના આંતરિક ભાગો દ્વારા ગતિવિધિઓની ઓળખ ન કરાતા સફર દરમિયાન થનારી પીડા નથી થતી, જેથી ખબર પડે છે કે સફરમાં થનારા કષ્ટને વધારવામાં કાનનો આંતરિક ભાગ મૂળ ભૂમિકા નિભાવે છે.

નેત્રહીન લોકોમાં પણ સફર દરમિયાન થનારી પીડા જોવા મળવાનું કારણ એ મનાય છે કે દ્રશ્ય ઈનપુટ એમનામાં ઓછી ભૂમિકા નિભાવે છે. મૂવમેન્ટ સિકનેસ શક્ય છે ત્યાં સુધી જટિલ પ્રકારના ડેવલપમેન્ટને કારણે થાય છે.

પરેશાનીઓને દૂર કરવાના - ઘટાડવાના ઉપાય : સફર દરમિયાન હંમેશાં કુદરતી હવા લેવાનો પ્રયાસો કરો, કેમ કે આપના માટે શ્વાસ લેવો જરૂરી હોઈ, તમે સારૂં મહેસૂસ કરશો.

દરિયાઈ સફર દરિમયાન માથા અને શરીરની ગતિવિધિઓ ઓછી કરો. તમે આરામ કરી શકો છો કે કમર ટેકવી શકો છો. કોઈ તકિયા દ્વારા આપના માથાને સ્થિર રાખી શકો છો.

પોતાને એવી સ્થિતિમાં રાખો, જ્યાં આપને ઓછામાં ઓછી ગતિવિધિઓનો અહેસાસ થાય, જેવી કે કોઈ જહાજમાં વિંગ્સની ઉપર.

જ્યારે ઓટો કે ગાડી દ્વારા સફર કરતી વખતે પરેશાની થાય, તો પાછળની સીટ પર બેસવાથી બચો, પાછળ બેસીને પુસ્તક વાંચવાને બદલે સામેની સીટ પર બેસવાથી આપને ગતિ સંબંધિત પ્રોબ્લેમ ઓછા પરેશાન કરશે જે આ પરેશાનીથી દૂર રાખશે.

લાંબી સફરમાં બહુ વધુ પડતું ન ખાવ, દરિયાઈ સફર પૂર્વે હળવું ભોજન લો અને લાંબા ટ્રેક પર ઓછી માત્રામાં થોડી થોડીવારે ખાવ.

સફર દરમિયાન કયારેય તમારી આંખો બંધ ન કરો, કેમ કે એનાથી કેટલીક ગતિવિધિઓનો અહેસાસ અધિક થાય છે, અને આપને ટ્રાવેલ સિકનેસ શરૂ કરી દેશે.

દવા કાનોની અંદરના ભાગોની તંત્રિકાઓને અને મગજની ઉબકાઓ સામેની પ્રતિક્રિયાને શાંત કરી દે છે. દવા ત્યારે વધુ કારગર બને છે, જયારે તેને પરેશાનીનો અહેસાસ થતાં પૂર્વે જ લેવાઈ જાય.

આ પરેશાનીઓથી બચવા માટે બારીની બહાર જુઓ કે તાજી હવાની અવરજવર માટે બારીઓને ખોલી નાખો.

ઝોકું લેવાથી સાઈકોડેનિક અસરથી પણ રાહત મળે છે.

ટ્રાવેલ સિકનેસથી બચવાનો એક સરળ ઉપાય કંઈક ચાવતા રહેવાનો પણ છે. સફર દરમિયાન ચ્યુઈંગમ, કોઈ આયુર્વેદિક ગોળી, ચોકલેટ કે અન્ય સ્વાસ્થ્યપ્રદ ચીજવસ્તુ ચાવ્યા કરવાથી કે મોંમાં ચગળ્યા કરવાથી પણ રાહત મળે છે.

કેટલાક લોકોને કાંડે બેંડ પહેરવાથી પણ રાહત મળે છે, જે નીડલ પોઈન્ટ થેરેપી (પી૬૦) પર દબાવ નાખે છે.

આદુ કે સૂંઠ ટ્રાવેલ સિકનેસને દૂર કરવામાં મુખ્ય ભૂમિકા નિભાવે છે. ઊલટી - ઊબકાના ઉપાય માટે પરાપૂર્વથી આદુ - સૂંઠનો ઉપયોગ કરાઈ રહ્યો છે. ■

sanjogpurti@gmail.com

# કિટ્ટીની દિવાળી



એક નાનકડા ગામમાં બિલ્લી રહેતી હતી. તેનું નામ કિટ્ટી હતું. કિટ્ટી ખૂબ જ ચંચળ અને મજાકિયા સ્વભાવની હતી. તેને તહેવારો ખૂબ ગમતા. એમાંય તેને દિવાળીનો તહેવાર તો ખુબ ગમે!

દિવાળી નજીકમાં હતી. બધે જ તૈયારીઓ શરૂ થઈ ગઈ હતી. કિટ્ટીના ઘરમાં પણ તેની મમ્મી અને પપ્પા સફાઈ કામમાં લાગી ગયા હતા.

કિટ્ટી પણ ઉત્સાહથી કૂદી રહી હતી. “મમ્મી, મમ્મી! મારે પણ સફાઈ કરવી છે!”

મમ્મી હસી પડી અને બોલી, “અરે મારી નાની કિટ્ટી, તું શું સફાઈ કરીશ? તું જઈને તારા રમકડાં વ્યવસ્થિત ગોઠવી દે એટલે બસ.”

કિટ્ટી દોડીને તેના રૂમમાં ગઈ. તેણે તેના બધા રમકડાં, દડો અને નાની ઢીંગલીઓ સરસ રીતે ગોઠવી દીધા. તેનું ઘર દિવાળી માટે તૈયાર થઈ ગયું!

ઘરમાં રંગોળી પણ બનાવવાની હતી. કિટ્ટીને રંગોળી બનાવતાં બહુ નહોતું આવડતું, પણ તેને રંગો ખૂબ ગમતા. તેણે શું કર્યું ખબર છે?

તે રસોડામાંથી લોટ, હળદર અને મીઠું લઈ આવી. મમ્મીએ તેને કહ્યું, “આ શું કરે છે, બેટા?”

કિટ્ટી બોલી, “મમ્મી, આ મારા રંગ છે! હું આનાથી રંગોળી બનાવીશ.”



રે વાર્તા!
મનીષ સુથાર

તેણે લોટમાંથી સફેદ, હળદરમાંથી પીળો અને મીઠામાંથી ચમકતો સફેદ રંગ બનાવ્યો. પછી તેણે એક નાની એવી ગોળ રંગોળી બનાવી અને તેના પર ફૂલોની નાની નાની પાંખડીઓ મૂકી દીધી. મમ્મીએ તેની મહેનત જોઈને તેને પ્રેમથી વહાલ કર્યું.

હવે દિવસ આવી ગયો – દિવાળીનો!

સવાર પડતાં જ કિટ્ટીએ નવું ફ્રોક પહેર્યું. મમ્મીએ બનાવેલા ગુલાબજાંબુ અને માવા મીઠાઈ જોઈને કિટ્ટીના મોંમાં પાણી આવી ગયું. તેણે થોડાક ગુલાબજાંબુ લીધા અને તેના મિત્રોને વહેંચવા નીકળી.

સૌથી પહેલાં તે તેના પાડોશી ચુહાભાઈ પાસે ગઈ. ઉંદરભાઈ ખૂબ ડરપોક હતા અને બિલાડીથી દૂર રહેતા.

કિટ્ટી ધીમેથી દરવાજા પાસે ગઈ અને બોલી, “ચુહાભાઈ! હેપ્પી દિવાળી! આ તમારા માટે મીઠાઈ!”

ચુહાભાઈએ દરવાજો ખોલીને જોયું તો નવાઈ લાગી. કિટ્ટી મીઠાઈ આપી રહી હતી! તેણે ખુશ થઈને મીઠાઈ લીધી અને કિટ્ટીને ધન્યવાદ કહ્યું. કિટ્ટી અને ચુહાભાઈએ એ દિવસે નક્કી કર્યું કે ભલે તેઓ અલગ છે, પણ તહેવારના દિવસે તો દોસ્ત જ રહેવું.

સાંજ પડી. આખું ગામ દિવડાઓથી ઝગમગી ઉઠ્યું.

કિટ્ટીએ તેના ઘરમાં નાના નાના માટીના દિવડાઓ સળગાવ્યા. તેણે બધા દિવડાઓ ઘરના દરવાજા પર, બારી પર અને આંગણામાં મૂક્યા.

રાત્રે, બધા પરિવારના સભ્યો ભેગા થયા. અને પછી શરૂ થઈ ફટાકડાની મજા!

પપ્પાએ કિટ્ટીને નાની ફૂલઝડીઓ અને કોઠી આપી. કિટ્ટીએ ખૂબ ધ્યાનથી ફૂલઝડીઓ સળગાવી. આકાશમાં થતા મોટા ધમાકાવાળા ફટાકડા જોવાનો પણ તેને ખૂબ આનંદ આવ્યો.

દિવાળીની રાત ખૂબ સુંદર હતી. કિટ્ટીનું ઘર રોશનીથી ભરાઈ ગયું હતું. મીઠાઈની સુગંધ, ફૂલઝડીનો પ્રકાશ અને મિત્રો સાથે હસવું - કિટ્ટીની દિવાળી ખરેખર યાદગાર બની ગઈ.

સૂતી વખતે કિટ્ટીએ મમ્મીને વહાલ કર્યું અને કહ્યું, “મમ્મી, દિવાળી એટલે ખાલી સફાઈ કે કપડાં નહીં, પણ બધા સાથે મળીને ખુશ થવું.”


બિલાડી મમ્મીએ સ્મિત કર્યું અને કહ્યું, “બિલકુલ સાચું, મારી કિટ્ટી! તું ખૂબ ડાહી થઈ ગઈ છે.”

આમ, કિટ્ટીએ પ્રેમ અને પ્રકાશથી ભરપૂર દિવાળી ઉજવી. ■

Mo 9099172177

# આનંદો : કેન્દ્રીય કર્મચારીઓને ૮મા પગાર પંચની કેબીનેટે મંજૂરી આપી


નવીદિલ્હી,તા.૨૮




૮માં પગાર આયોગને આખરે કેબિનેટની મંજૂરી મળી ગઈ છે, જેનાથી કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરોના પગાર અને ભથ્થામાં સુધારાનો માર્ગ મોકળો થયો છે. જાન્યુઆરીમાં સરકારની સૈદ્ધાંતિક મંજૂરી બાદ, પગાર પંચની સત્તાવાર રચના કરવામાં આવી છે. સમાચાર મુજબ, આ કમિશનનું નેતૃત્વ સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ રંજના દેસાઈ કરશે. જસ્ટિસ દેસાઈની નિમણૂક સાથે, પગાર પંચે તેની કાર્યવાહી શરૂ કરી દીધી છે. પુલક ઘોષ અને પંકજ જૈનને કમિશનના સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ન્યાયાધીશ રંજના દેસાઈ (સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ) અધ્યક્ષ તરીકે અને પુલક ઘોષ સભ્ય તરીકે સેવા આપશે. આ કમિશન કેન્દ્ર સરકારના કર્મચારીઓ, સશસ્ત્ર દળોના કર્મચારીઓ અને અખિલ ભારતીય સેવાઓના સભ્યોના પગાર, ભથ્થાં અને સેવા શરતોની વ્યાપક સમીક્ષા કરશે. કમિશનને તેનો અહેવાલ રજૂ કરવા માટે ૧૮ મહિનાનો સમય આપવામાં આવ્યો છે. આયોગની ભલામણો ૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી અમલમાં મુકવાની અપેક્ષા છે.

# કાલાવડ તાલુકાના ડુંગરીયા-દેવળીયા ગામે વીજવાયર તૂટીને માથે પડતા ત્રણ લોકોના મોત

જામનગર,તા.૨૮



વીજ કરંટ લાગવાથી જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ડુંગરિયા દેવળીયા ગામમાં ત્રણ લોકોના મોત નીપજ્યા હતાં. મૃતકોમાં એક દંપતી અને એક શ્રમિકનો સમાવેશ થાય છે. પશુ માટેનો ચારો વ્યવસ્થિત ઠેકાણે ખસેડતી વખતે આ દુર્ઘટના સર્જાઈ હતી. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોક વ્યાપી ગયો છે. પ્રાથમિક માહિતી મુજબ કમોસમી વરસાદને પગલે દંપતિ અને એક યુવક ઘરની નજીક મગફળીના ભુક્કાને સલામત સ્થળે ખસેડવાની કામગીરી કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક વીજ વાયર તૂટીને તેમના પર પડ્યો હતો. જેના કારણે ત્રણેયને વીજ કરંટ લાગ્યો હતો અને ઘટનાસ્થળે જ તેમનું મોત નીપજ્યું હતું.આ દુર્ઘટના બનતા જ આસપાસના લોકો ત્યા આવી પહોંચ્યા હતા. ત્રણેય મૃતદેહોને કાલાવડની સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા છે. કાલાવડ તાલુકાના ડુંગરિયા દેવળીયા ગામમાં આજે વીજ કરંટથી ત્રણના મોત થયા હતા. જેથી ગામમાં શોકનો માહોલ છવાયો છે. મૃતકોમાં રવજીભાઈ જેસાભાઈ રોલા, ઉંમર વર્ષ-૬૫, સવીતાબેન રવજીભાઈ રોલા, ઉંમર વર્ષ-૬૨, અને બુધ્ધાભાઈ ધીરુભાઈ વાજેલીયા, ઉંમર વર્ષ-૨૫નો સમાવેશ થાય છે.

# કર્ણાટક સરકારના આદેશ પર હાઈકાર્ટનો સ્ટે : RSSને સરકારી પરિસરમાં કાર્યક્રમો યોજવાની મળી મંજૂરી

બેંગ્લુરૂ,તા.૨૮

કર્ણાટકમાં કોંગ્રેસ સરકારને મોટો ઝટકો લાગ્યો છે. હાઈકોર્ટે રાજ્ય સરકારના આદેશ પર સ્ટે મુક્યો છે જેમાં ખાનગી સંસ્થાઓને સરકારી પરિસરમાં કાર્યક્રમો યોજવા માટે પૂર્વ પરવાનગી લેવાની જરૂર હતી. આ આદેશને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની પ્રવૃત્તિઓને લક્ષ્ય બનાવતા પગલા તરીકે જોવામાં આવ્યો હતો. ન્યાયાધીશ નાગપ્રસન્નાની સિંગલ જજ બેન્ચે સરકારના નિર્દેશ પર વચગાળાનો સ્ટે મૂક્યો અને આગામી સુનાવણી ૧૭ નવેમ્બરના રોજ નક્કી કરી. સરકારના નિર્દેશને પડકારતી અરજી પુનશ્ચૈતન્ય સેવા સંસ્થા દ્વારા દાખલ કરવામાં આવી હતી, જેમાં દલીલ કરવામાં આવી હતી કે આ પગલું ખાનગી સંસ્થાઓના કાનૂની કાર્ય કરવાના અધિકારોનું ઉલ્લંઘન કરે છે. આ પહેલા, કર્ણાટકના સંસદીય બાબતોના મંત્રી એચ.કે. પાટીલે સ્પષ્ટતા કરી હતી કે સરકારનું પગલું કોઈ ચોક્કસ સંગઠનને લક્ષ્ય બનાવવાનુ નથી.

# માવઠાથી ખેતીનો તાત્કાલિક સર્વે કરાવી યોગ્ય વળતર આપવા અમર ડેરીના ચેરમેન અશ્વિન સાવલિયાની માગ

**ભૂપેન્દ્ર પટેલ, જીતુ વાઘાણી અને કૌશિક વેકરીયાને કરી રજૂઆત**

અમરેલી, તા.૨૮



અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયાએ સમગ્ર સૌરાષ્ટ્ર અને અમરેલી જીલ્લામાં ભારેથી અતિભારે કમોસમી વરસાદના કારણે ખેતીના પાકોમાં ભયંકર નુકશાન થયેલ છે તેનો તાત્કાલિક સર્વે કરાવી યોગ્ય વળતર આપવા સરકારમાં ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી છે. તેમણે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરિયાને પત્ર લખીને ખેડૂતોના તૈયાર થયેલ મહામુલા પાકો જેવાકે, મગફળી, કપાસ, ડુંગળી, સોયાબીન, જુવાર, બાજરી અને ઘાસચારો સદંતર નાશ થયેલ છે, જેથી ખેડૂત સાવ ઓશીયાળો થઈ ગયેલ છે તેવા સંજોગોમાં ખેતીનો તાત્કાલિક સર્વે કરાવી ખેડુતોને યોગ્ય વળતર આપવા માટે માગણી કરી છે. ઉપરાંત આ સ્થિતિમાં કિમતી પશુધન બચાવવા ખેડૂત, પશુપાલક પાસે ઘાસચારાની કોઈ વ્યવસ્થા ન હોય તેવા સંજોગોમાં રાજ્ય સરકાર તાત્કાલિક ઘાસચારો પૂરો પાડે તેવી માગણી પણ કરી છે.

# કમોસમી વરસાદથી થયેલા નુકસાનની સહાય જાહેર કરવા જીગ્નેશ પટેલની રજૂઆત

અમરેલી,તા.૨૮



રાજ્યમાં કમોસમી વરસાદ ખેડૂતો માટે આફત બનીને આવ્યો છે. રાજ્યના મોટાભાગના વિસ્તારમાં ખેતીના પાકોને વ્યાપક પ્રમાણમાં નુકસાન થયું છે ત્યારે અમરેલી જિલ્લામાં પણ કમોસમી વરસાદે ખેડૂતોના પાકને બગાડ્યો છે. રાજુલા તાલુકામાં ગઈકાલે ૧૦ ઈંચ જેવો વરસાદ ખાબકતા ખેડૂતોની હાલત ખરાબ થઈ ગઈ છે અને ખેતીના પાકોમાં મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. જેથી રાજ્ય સરકાર દ્વારા તાત્કાલિક સર્વે કરાવી સહાય જાહેર કરવામાં આવે તે માટે રાજુલા યાર્ડનાં પ્રમુખ જીગ્નેશભાઈ પટેલે મુખ્યમંત્રીને રજૂઆત કરી છે.

# આજથી ભારત-ઓસ્ટ્રેલીયા વચ્ચે ટી-૨૦નો પ્રારંભ, ભારત પ્રથમ મેચમાં વિજયી પ્રારંભ કરવા તૈયાર

નવીદિલ્હી,તા.૨૮







ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વનડે શ્રેણી સમાપ્ત થઈ ગઈ છે, અને હવે બંને ટીમો વચ્ચે ટી ૨૦ શ્રેણી રમાશે. પાંચ મેચની ટી ૨૦ શ્રેણીનો પહેલો મેચ ૨૯ ઓક્ટોબરે રમાશે. બંને ટીમો પાસે ઉત્તમ ખેલાડીઓ છે જે ટી ૨૦ ક્રિકેટમાં માસ્ટર છે અને માત્ર થોડા બોલમાં મેચનો માર્ગ બદલી શકે છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે અત્યાર સુધીમાં કુલ ૩૨ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમાઈ છે, જેમાંથી ભારતે ૨૦ જીતી છે અને ઓસ્ટ્રેલિયાની ટીમે ફક્ત ૧૧ જીતી છે. એક મેચ ડ્રો રહી છે. આ આંકડાઓના આધારે, આપણે કહી શકીએ છીએ કે ટી ૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ઓસ્ટ્રેલિયા સામે ભારતીય ટીમનો હાથ ઉપર છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે છેલ્લી ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચ ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ માં રમાઈ હતી. ભારતીય ટીમે ૨૪ રનથી જીત મેળવી હતી. આ મેચમાં, ભારતે પહેલા બેટિંગ કરી અને કુલ ૨૦૫ રન બનાવ્યા. ઓસ્ટ્રેલિયા ફક્ત ૧૮૧ રન જ બનાવી શક્યું. ભારત માટે રોહિત શર્માએ એક શક્તિશાળી ઈનિંગ રમી. તેણે ૪૧ બોલમાં ૯૨ રન બનાવ્યા, જેમાં ૭ ચોગ્ગા અને ૮ છગ્ગાનો સમાવેશ થાય છે. તેના વિસ્ફોટક રમતે ટીમને જીત અપાવી.

# રાજ્યમાં માવઠાથી ખેતીને થયેલા નુકસાનમાં સહાય કરવા માટે હિરેન હિરપરાની રજૂઆત

અમરેલી, તા.૨૮



રાજ્યમાં પડેલા કમોસમી વરસાદથી ખેતીના પાકમાં થયેલા વ્યાપક નુકસાનમાં સહાય કરવા માટે ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ કિસાન મોરચા દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સમક્ષ માગણી કરવામાં આવી છે. મોરચાના પ્રમુખ હિતેશ પટેલ અને મહામંત્રી હિરેન હિરપરાએ મુખ્યમંત્રીને પત્ર લખીને જણાવ્યું છે કે, રાજ્યમાં સૌરાષ્ટ્ર સહિત વિવિધ વિસ્તારમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી કમોસમી વરસાદ પડી રહેલ છે. જેના લીધે ખેતીના પાક જેવાકે, મગફળી, કપાસ, સોયાબીનને ખૂબ મોટું નુકશાન થયું છે. ખેડૂતોની આજીવિકાનો પાક નિષ્ફળ ગયો છે. ઉપરાંત પશુપાલકોને ઘાસચારાની પણ તંગી ઉભી થશે. રાજ્યમાં વ્યાપક નુકશાનીને ધ્યાને લઈને ભૂતકાળમાં રાજ્ય સરકારે સમાન ધોરણે સહાય કરી હતી. ચાલુ વર્ષે ટેકાના ભાવે મગફળી, કપાસ, સોયાબીન જેવા વિવિધ પાકો વેચાણ માટે ઓનલાઈન અરજી કરેલ છે. એ ડેટાનો ઉપયોગ કરી તાત્કાલિક સહાયની ચૂકવણી કરવાની જરૂર છે. જે ખેડૂતોએ ઓનલાઈન અરજી કરેલ નથી તેઓનો સર્વે કરીને તાત્કાલિક સહાયની ચૂકવણી કરવાની જરૂર છે.

# દિવાળી પર્વમાં લાખો શ્રદ્ધાળુઓએ ખોડલધામ મંદિરે દર્શન કર્યા

રાજકોટ,તા.૨૮



દિવાળીના પર્વ અને વેકેશનના માહોલ વચ્ચે રાજકોટ જિલ્લાના જેતપુર નજીક કાગવડ સ્થિત શ્રી ખોડલધામ મંદિરે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. દેશ-વિદેશમાંથી લાખો ભક્તો મા ખોડલના દર્શનાર્થે ઉમટ્યા હતા. ધનતેરસથી લઈને લાભ પાંચમ સુધી આશરે સાડા પાંચ લાખ શ્રદ્ધાળુઓએ પરિવારજનો સાથે મા ખોડલના દર્શન કરીને પરિસરમાં વેકેશનનો આનંદ માણ્યો હતો. તહેવારોમાં મંદિર પરિસરને ભવ્ય અને રંગબેરંગી લાઈટોથી શણગારવામાં આવ્યું હતું. આ સાથે જ કલાત્મક વિશાળ રંગોળીઓ પણ બનાવવામાં આવી હતી. દર્શને આવતા લાખો ભક્તોને કોઈ અગવડતા ન પડે તે માટે ૫૦૦ જેટલા સ્વયંસેવકોએ તહેવારનો ત્યાગ કરીને મંદિરમાં ખડેપગે રહીને સેવા આપી હતી.

# ભારે વરસાદના કારણે નિર્દોષાનંદ હોસ્પિટલ ટીબી ખાતે યોજાનાર કાર્યક્રમ રદ કરાયો

અમરેલી, તા.૨૮



સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા ટ્રસ્ટ હોસ્પિટલ ટીબી દ્વારા તારીખ ૩૦ મી ઓક્ટોબરને ગુરૂવારના રોજ પ્રથમ સહસ્ત્રદિન માનવસેવા મહાયજ્ઞ મહોત્સવ નુ આયોજન કરવામાં આવ્યું હતું હાલમાં ગુજરાત રાજ્યમાં ભારે વરસાદી માહોલ અને વાવાઝોડાની આગાહીને કારણે આયોજકો દ્વારા આ કાર્યક્રમ મુલતવી રાખવામાં આવ્યો છે કાર્યક્રમની નવી તારીખ અગામી થોડા દિવસોમાં જ નક્કી કરવામાં આવશે તેમ નિર્દોષાનંદ હોસ્પિટલની અખબારી યાદીમાં જણાવાયું છે

# રાજકારણી બનેલા પ્રશાંત કિશોરનું નામ બિહાર અને પ.બંગાળની મતદાર યાદીમાં પણ હોવાનુ ખૂલ્યુ

પટણા,તા.૨૮



બિહારમાં મતદાનના પહેલા તબક્કા સાથે ચૂંટણી ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે, અને રાજકીય રેલીઓનો ધસારો થઈ રહ્યો છે. દરમિયાન, ચૂંટણી રણનીતિકારથી રાજકારણી બનેલા પ્રશાંત કિશોર ફરી એકવાર ચર્ચામાં આવ્યા છે. તેમની નવી રચાયેલી જન સૂરજ પાર્ટી બિહાર વિધાનસભા ચૂંટણી લડી રહી છે, પરંતુ પ્રશાંત કિશોરનું નામ બે અલગ અલગ રાજ્યો (પશ્ચિમ બંગાળ અને બિહાર) ની મતદાર યાદીમાં છે. પશ્ચિમ બંગાળમાં, તેમનું સરનામું ૧૨૧ કાલીઘાટ રોડ તરીકે સૂચિબદ્ધ છે, જ્યાં મુખ્યમંત્રી મમતા બેનર્જીના મતવિસ્તાર, ભવાનીપુરમાં તૃણમૂલ કોંગ્રેસનું કાર્યાલય પણ છે. પ્રશાંત કિશોર બંગાળમાં છેલ્લી (૨૦૨૧) વિધાનસભા ચૂંટણી દરમિયાન ટીએમસી સાથે રાજકીય સલાહકાર તરીકે કામ કરતા હતા. તેમનું મતદાન મથક બી રાણીશંકરી લેન ખાતે સ્થિત સેન્ટ હેલેન સ્કૂલ તરીકે સૂચિબદ્ધ છે.

## CHANGE OF NAME

I Undersing RAMANI ALPA BHAVESH have changed my name from RAMANI ALPABEN BHAVESHBHAI To RAMANI ALPA BHAVESH Now i will be known as RAMANI ALPA BHAVESH

Sing : RAMANI ALPA BHAVESH

Address : RAMANI NAGAR-2,B/H BRAHMAN SOCIETY, OPP TELEPHONE QUARTER, AT-AMRELI-DIS-AMRELI-365601

## CHANGE OF NAME

I Undersing RAMANI BHAVESH BABUBHAI have changed my name from RAMANI BHAVESHBHAI BABUBHAI To RAMANI BHAVESH BABUBHAI Now i will be known as RAMANI BHAVESH BABUBHAI

Sing : RAMANI BHAVESH BABUBHAI

Address : RAMANI NAGAR-2,B/H BRAHMAN SOCIETY, OPP TELEPHONE QUARTER, AT-AMRELI-DIS-AMRELI-365601

## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૧૭૪/૨૦૨૫

અરજદાર :- શ્રી પરષોતમભાઈ શંભુભાઈ કથીરીયા
રહે. અમરેલી, ઠે-એ-૬, ચિતલ રોડ, મહિલા સોસાયટી,
તા.જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. મોટા ગોખરવાળા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોટા ગોખરવાળા ગામમાં અરજદારશ્રી પરષોતમભાઈ શંભુભાઈ કથીરીયા તેઓના ભત્રીજા ધીરૂભાઈ રણછોડભાઈ કથીરીયાની જન્મ (તા.૦૧/૦૬/૧૯૬૨) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૬/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી,**
**એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટસાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ.નં.૧૭૪/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી બાલુભાઈ મુળાભાઈ પરમાર,
રહે.ગીર દેવળી, ગામ-ગીર દેવળી,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, જી.પી.રાઠોડ કોડીનાર .....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ગીર દેવળી, તા.કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના ગીર દેવળી ગામના રહીશ મુળાભાઈ સાંગાભાઈ પરમાર તથા બેનાબેન મુળાભાઈ પરમારના પુત્ર રામભાઈ મુળાભાઈ પરમારનો જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૬૫ ના રોજ કોડીનાર તાલુકાના ગીર દેવળી ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, ગીર દેવળી, તાલુકો-કોડીનાર સને.૧૯૬૫ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮/૧૦/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૫/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૨૭૨/૨૦૨૫ તા.૧૫/૧૦/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. દેવાણી પ્રવિણભાઈ ગોપાભાઈ
રહે. આંબરડી તા.સાવરકુંડલા, જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી આંબરડી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી અંકિતાબેન પ્રવિણભાઈ દેવાણીનો જન્મ તા.૦૯/૦૩/૧૯૯૧ ના રોજ મુ.આંબરડી, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૭/૧૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવુ.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી,**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

કમોસમી વરસાદથી ગુજરાતના ખેડૂતોને ભારે નુકસાન

# મુખ્યમંત્રીની સૂચના બાદ મંત્રીઓએ અસરગ્રસ્ત જિલ્લાઓમાં સ્થળ પર જઇ સમીક્ષા કરી

ગાંધીનગર,તા.૨૮

રાજ્યમાં છેલ્લા બે દિવસથી પડેલા કમોસમી વરસાદે ખેડૂતોની ચિંતામાં વધારો કર્યો છે. અનેક જિલ્લાઓમાં તૈયાર પાકને ભારે નુકસાન થવાથી ખેડૂતોના સપના ભાંગી પડ્યા છે. ખાસ કરીને મગફળી, કપાસ, સોયાબીન અને ડાંગર જેવા પાકને ભારે નુકસાન થયું છે. પાક ઉતારવાની તૈયારી વચ્ચે પડેલા વરસાદથી ખેડૂતોના મોઢે આવેલો કોળીયો છીનવાઈ ગયો છે. આ અણધાર્યા માવઠાના પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાત્કાલિક સમીક્ષા બેઠક બોલાવી હતી. બેઠકમાં કૃષિ વિભાગ તેમજ રાહત વિભાગના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. મુખ્યમંત્રીએ સ્થિતિની વિગતવાર માહિતી મેળવી અને તાત્કાલિક અસરથી પાક નુકસાનના સર્વે કરવા આદેશ



આપ્યો છે. સાથે જ મંત્રીઓને અસરગ્રસ્ત જિલ્લાઓમાં જઈ સ્થળ પર પરિસ્થિતિની સમીક્ષા કરવા પણ સૂચના આપી છે. પ્રાપ્ત માહિતી મુજબ, કૌશિક વેકરિયા, જીતુ વાઘાણી, અર્જુન મોઢવાડિયા, પ્રદ્યુમન વાજા, નરેશ પટેલ અને જયરામ ગામિત સહિતના મંત્રીઓને સંબંધિત વિસ્તારોમાં તાત્કાલિક જવા કહ્યું છે. તેઓ જિલ્લા તંત્ર સાથે સમન્વયમાં રહી ખેડૂતોને સહાય અને રાહત કાર્ય સુનિશ્ચિત કરશે. વરસાદના કારણે ઘણા વિસ્તારોમાં રોડ, કોઝવે અને નદી-બ્રિજના ડાયવર્ઝન પણ ધોવાઈ જવાથી ગ્રામીણ વિસ્તારોમાં અવરજવર ખોરવાઈ ગઈ છે. અનેક ગામોમાં વીજ પુરવઠો ખોરવાતા તંત્રને મુશ્કેલી પડી રહી છે.

### આજે કેબિનેટ બેઠક બાદ ખેડૂતો માટે સહાયની જાહેરાત

આજે કેબિનેટ બેઠક બાદ ખેડૂતો માટે સહાયની જાહેરાત કરાશે. ગુજરાતમાં છેલ્લા બે ત્રણ દિવસથી કારતક મહિનામાં વરસી રહેલી કમોસમી આફતે ધરતીપુત્રોની મુશ્કેલી વધારી દીધી છે. રાજ્યમાં ૧થી ૮ ઈંચ જેટલો વરસાદ ખાબકતા અનેક જિલ્લાઓમાં તૈયાર થયેલા મગફળી, કપાસ, ડાંગર સહિતના પાકને નુકસાન થયું છે. માવઠાના કારણે ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવાઈ જતા સરકારે પણ પાંચ મંત્રીઓને અસરગ્રસ્ત વિસ્તારમાં મોકલ્યા છે. આજે કૃષિમંત્રી સહિતના મંત્રીઓ અસરગ્રસ્ત વિસ્તારમાં પહોંચ્યા હતા અને માવઠાના કારણે પાકને નુકસાન થયાનો સ્વીકાર કર્યો હતો. સરકારે ખેડૂતોને જરુરી મદદની હૈયાધારણા આપી છે, ત્યારે હવે આ મામલે રાજનીતિ પણ ગરમાઈ છે. કોંગ્રેસે સર્વેના નાટક બંધ કરી ખેડૂતોનું પાકધિરાણ માફ કરવાની માગ કરી છે.

## સુરત સિવિલ હોસ્પિટલમાં ડોક્ટરોએ મૃત જાહેર કરેલો યુવક જીવતો થયો

સુરત,તા.૨૮

અંકલેશ્વરના રહેવાસી ૪૫ વર્ષીય રાજેશ પટેલ અચાનક બીમાર પડ્યા. તેમના પરિવારે તેમને સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા. તબીબી ટીમે તેમના શ્રેષ્ઠ પ્રયાસો કર્યા, પરંતુ ECG રિપોર્ટમાં સીધી રેખા દેખાઈ આવતા, ડોક્ટરોએ દર્દીને મૃત જાહેર કર્યો. હોસ્પિટલમાં હાજર પરિવારના સભ્યો રડવા લાગ્યા, અને ડોક્ટરો ચાલ્યા ગયા. પરંતુ ડોક્ટરો જતાની સાથે જ કંઈક એવું બન્યું જેણે બધાને આશ્ચર્યચકિત કરી દીધા. દર્દીના શરીરમાં થોડી હિલચાલ જોવા મળી, અને અચાનક મોનિટર પર હૃદયના ધબકારા ફરી દેખાવા લાગ્યા. ડોક્ટરોએ તાત્કાલિક પ્રતિક્રિયા આપી અને દર્દીને આઈસીયુમાં ખસેડવામાં આવ્યો. ડોક્ટરોની ટીમે સારવાર ફરી શરૂ કરી, અને ધીમે ધીમે તેના હૃદયના ધબકારા પાછા ફર્યા.હોસ્પિટલના ચીફ મેડિકલ ઓફિસર ડૉ. ઉમેશ ચૌધરીએ જણાવ્યું, "મારી ૩૦ વર્ષની કારકિર્દીમાં આ પહેલી વાર છે જ્યારે કોઈ દર્દી મૃત જાહેર થયા પછી ફરીથી જીવિત થયો છે.

## મંત્રી મંડળમાં અવગણના થતા બ્રહ્મસમાજમાં નારાજગી, રાજકોટમાં મહાસંમેલન યોજશે

રાજકોટ,તા.૨૮

ભુપેન્દ્ર પટેલ સરકારના મંત્રીમંડળના રીશફલીંગ બાદ મંત્રીમંડળનુ કુલ કદ ૨૬નુ થઈ ગયું છે. દિવાળી પહેલા જ ગુજરાતમાં નવા મંત્રીઓ આવ્યા છે. ત્યારે સરકારના આ કેબિનેટ રિશફલિંગથી એક સમાજ નારાજ છે. ગુજરાતના રાજકારણ અને રાજકીય પક્ષોમાં બ્રાહ્મણ સમાજની સતત અવગણનાને લઈને ભૂદેવો નારાજ થયા છે. અને હવે સરકાર સામે મોરચો માંડવાનુ નક્કી કરી લીધું છે. ગુજરાતના બ્રાહ્મણ સમાજે રાજકારણમાં થતી અવગણનાને પગલે બાંયો ચઢાવી છે. રાજકોટમાં રાજકીય પક્ષોને મોટો મેસેજ આપવા માટે બ્રાહ્મણ સમાજ ડિસેમ્બરમાં મહાસંમેલન યોજાશે. રાજકીય પક્ષો દ્વારા વિવિધ પક્ષોમાં ખાસ કરીને વર્તમાન સત્તાધીશ ભાજપની અંદર બ્રાહ્મણ સમાજના આગેવાનોને સાઈડલાઈન કરવામાં આવી રહ્યાનો આરોપ સમાજ દ્વારા કરાયો છે. વર્તમાન મંત્રીમંડળની અંદર પણ બાહોશ ભૂદેવ નેતાઓને સાઈડલાઈન કરવામાં આવ્યા છે.

ઘટનાની જાણ થતા ધારાસભ્ય હીરા સોલંકી સહિત અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા

## રાજુલાના ધારેશ્વર ગામની ધાતરવાડી નદીમાં ન્હાવા પડેલા ૪ યુવાનો ડૂબ્યા





તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૨૮

રાજુલા તાલુકાના ધારેશ્વર ગામની ધાતરવડી નદીમાં ન્હાવા પડેલા ચાર યુવાનો ડૂબવાની ઘટના બની છે. ગ્રામજનોએ તાત્કાલિક મદદ માટે દોડી જઈ પોલીસ અને મામલતદારને જાણ કરી હતી.ઘટનાની જાણ થતાં જ પોલીસ, ફાયર, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, કોસ્ટગાર્ડ અને સ્થાનિક તરવૈયાઓ સહિતનું તંત્ર બચાવ અને શોધખોળ માટે ઘટના સ્થળે દોડી આવ્યું હતું. મોટી સંખ્યામાં લોકોના ટોળેટોળા એકઠા થતાં પોલીસે બંદોબસ્ત ગોઠવ્યો હતો.સ્થાનિક ધારાસભ્ય હીરા સોલંકી પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને તેમણે પોતે પણ યુવાનોને બહાર કાઢવા માટે પાણીમાં ઝંપલાવ્યું હતું. ડૂબી જનારા યુવાનોમાં મેરામભાઈ ખીમાભાઈ પરમાર (૩૫), કાનાભાઈ ખીમાભાઈ પરમાર (૨૫), ભરતભાઈ ખીમાભાઈ પરમાર (૨૦), અને પિન્ટુભાઈ પાંચાભાઈ વાઘેલા (૩૫) (રહે. તમામ બર્બટાણા)નો સમાવેશ થાય છે.

### ડૂબી જનાર બર્બટાણા ગામના યુવાનો, ગ્રામજનોમાં ચિંતાનો માહોલ

#### ત્રણ સગાભાઈઓ હોવાનું સામે આવ્યુ

ધારેશ્વર ગામ નજીક પસાર થતી ધાતરવડી નદીમાં ખુબ પ્રવાહ હોવાથી બર્બટાણા ગામના ચાર યુવાનો ધાતરવડી નદી પસાર કરતા હતા ત્યારે અચાનક એક યુવાનનો નદીમાં પગ લપસતા એકને બચાવવા જતા ચાર યુવાનો ડૂબ્યા હતા. જેમાં કાનાભાઈ ખીમાભાઈ પરમાર, ભરતભાઈ ખીમાભાઈ પરમાર અને મેરામભાઈ ખીમાભાઈ પરમાર ત્રણેય સગ્ગા ભાઈઓ હોવાનુ જાણવા મળતા ગામમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી.

#### ભારે વરસાદને કારણે નદી ગાંડીતૂર

રાજુલા પંથકની ધાતરવડી નદી સૌથી લાંબી છે. બે દિવસ પહેલા રાજુલા પંથકમાં ભારે વરસાદને કારણે ધાતરવડી નદી ગાંડીતૂર બની હતી. નદીમાં ભારે પ્રવાહ હોવાથી યુવાનોની શોધખોળ તંત્ર માટે મુશ્કેલ બની છે. જો કે કોસ્ટગાર્ડને પણ જાણ કરવામાં આવતા કોસ્ટગાર્ડની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. હાલ તો ચારેય યુવાનોની શોધખોળ ચાલી રહી છે.

#### નદી આગળ જતા ડેમમાં ભળે છે

ધાતરવડી નદીમાં ડૂબેલા યુવાનોની સતત શોધખોળ થઈ રહી છે, આ લખાય છે ત્યાં સુધીમાં હજુ યુવાનોનો કોઈ પત્તો લાગ્યો નથી. તંત્ર દ્વારા સતત શોધખોળ કરવામાં આવી રહી છે. આ નદી આગળ જતા ડેમમાં ભળતી હોવાથી કદાચ તંત્ર માટે યુવાનોની શોધખોળ મુશ્કેલ બને તેવી પણ શક્યતા છે.

## રાજયમાં હવે ટ્રાફિક ઇ-ચલણનો દંડ બીબીપીએસ પ્લેટફોર્મથી માત્ર બે મિનિટમાં ભરી શકાશે

રાજકોટ,તા.૨૮

રાજ્યમાં ટ્રાફિક નિયમ ભંગના કિસ્સાઓમાં વાહનચાલકોને ઈસ્યુ થયેલા ઈ-ચલણ પેટે દંડની રકમની ભરપાઈ કરવાની પ્રક્રિયા હવે વધુ સરળ બનાવવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં અને રાજ્યના પોલીસ વડા વિકાસ



સહાયના માર્ગદર્શનમાં ગુજરાત પોલીસના સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા ભારતીય સ્ટેટ બેંક સાથે કરાયેલા એમઓયુ અંતર્ગત બીબીપીએસ મારફતે વિવિધ ઓનલાઈન માધ્યમો દ્વારા દંડની રકમ ચૂકવવાની સુવિધા શરૂ કરવામાં આવી છે.

હવે આ સુવિધામાં વધારો કરીને બીબીપીએસ પ્લેટફોર્મ એટલે કે, ગુગલ-પે, ફોન-પે, ભીમ-પે અને યોનો એપ્લિકેશન મારફત વાહન ચાલકો સીધે-સીધી દંડની રકમ ભરપાઈ કરી શકશે.






## એમ.કે.દાસ રાજયના મુખ્ય સચિવ બનશે

ગાંધીનગર,તા.૨૮

ગુજરાત મંત્રીમંડળમાં ફેરબદલ બાદ ગાંધીનગરથી પહેલી મોટી ખબર આવી છે. રાજ્યના મુખ્ય સચિવ તરીકે એમ. કે. દાસની વરણી કરવામાં આવી છે. મુખ્ય સચિવ પંકજ જોશી વયમર્યાદાને કારણે ૩૧ ઓક્ટોબરે નિવૃત્ત થશે. એમ. કે. દાસ ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ તરીકે કાર્યરત હતા. ૨૦૧૮માં એમકે દાસને પ્રિન્સિપલ સેક્રેટરી બનાવાયા હતા. વિજય રૂપાણી મુખ્યમંત્રી હતા ત્યાં સુધી દાસ આ પદ પર રહ્યા હતા, તેઓ સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી રહ્યા હતા. જો કે, ભૂપેન્દ્ર પટેલે સીએમ તરીકેનો ચાર્જ સંભાળ્યા બાદ તરત જ દાસને સીએમઓમાંથી બહાર ખસેડવામાં આવ્યા હતા. ત્રણ વર્ષથી પણ ઓછા સમય પછી દાસ તેઓ મુખ્યમંત્રી કાર્યાલયમાં પાછા ફર્યા હતા. વિજય રૂપાણીના કાળમા દાસ તેમના અગ્ર સચિવ હતા.

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના પ્રયત્નોથી ઈરાનમાં બંધક ૪ ગુજરાતીઓનો છુટકારો

અમદાવાદ,તા.૨૮

ઓસ્ટ્રેલિયા જઈ રહેલા ચાર ગુજરાતીઓનું ઈરાનમાં અપહરણ કરીને માર મારવામાં આવ્યો હતો. અપહરણકર્તાઓએ તેમના પરિવારો અને એજન્ટોને ખંડણી માંગતો વીડિયો મોકલ્યો હતો. આ ઘટનાના ખુલાસા બાદ, ગુજરાતના



એક ભાજપના ધારાસભ્યએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પત્ર લખ્યો હતો. જોકે, આ સરકારે એક્શન લેતા જ ચારેય બંધકોને છોડાવી લેવાયા છે. બંધક બનાવવામાં આવેલા લોકો દોહા પહોંચ્યા હતા. તમામ બંધકો હવાઈ માર્ગેથી અમદાવાદ આવ્યા બાદ બે લોકોને ગાંધીનગર એલસીબી ઓફીસ લઈ જવાયા હતા જ્યારે બે લોકોને હોસ્પિટલમાં દાખલ કરાયા છે.






## અરબ સાગરનું ડિપ્રેશન ગુજરાત નજીક પહોંચતા હજુ ચાર દિવસ વરસાદની આગાહી

અમદાવાદ,તા.૨૮

ગુજરાતમાં ઓક્ટોબર મહિનાના અંતમાં કમોસમી વરસાદ વરસી રહ્યો છે. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં હળવાથી અતિભારે વરસાદ વરસી રહ્યા છે. આ માવઠાને કારણે ગુજરાતના ખેડૂતોની હાલત કફોડી બની છે. ખેડૂતોની મહિનાઓની મહેનત અને તેની પાછળ કરેલા ખર્ચ પર પાણી ફરી વળ્યું હોય તેમ લાગી રહ્યું છે. અનેક વિસ્તારોના ખેડૂતોના



પાક ધોવાયા છે. તો બીજી બાજુ હવામાન વિભાગે સાત દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી આપી છે તે જોઈએ. અમદાવાદ હવામાન વિભાગના મોસમ વૈજ્ઞાનિક, પ્રદીપ શર્માએ આપેલી માહિતી પ્રમાણે, અરબ સાગરમાં ડિપ્રેશન સક્રિય છે. આ સાથે રાજસ્થાન પર સાયક્લોનિક સર્ક્યુલેશન છે. આ સિસ્ટમોની સાથે એક ટ્રફ પણ સક્રિય છે. જેના કારણે આગામી સાત દિવસ સુધી વરસાદની શક્યતા છે. હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, ગઈકાલે પૂર્વ-મધ્ય અરબી સમુદ્ર પર બનેલું ડિપ્રેશન છેલ્લા ૦૬ કલાક દરમિયાન ૧૨ કિમી પ્રતિ કલાકની ઝડપે ઉત્તર-પૂર્વ તરફ આગળ વધી રહ્યું છે.